**સુવિચાર**

જીવનની બધી સમસ્યાઓનું એકી સાથે સમાધાન શોધનારા ભાગ્યે જ સફળ થાય છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૮/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૦૩







## ૨ દિવસ પહેલા એક બાળક, બાદમાં વાછરડી અને પુનઃ વાછરડીનો શિકાર

# બાબાપુર ગામમાં રાત્રિનાં ૮ વાગ્યાથી અઘોષિત કર્ફ્યુનો માહોલ

### દીપડા અને સિંહ જેવા પ્રાણીઓની અવરજવર વધતાં ગામજનો અને ખેડૂતોને રાત્રિનાં બહાર નીકળવું મુશ્કેલ

### ઘણા મહિનાઓથી ખૂંખાર દીપડાઓનાં આંટાફેરા વધ્યા હોવા છતાં વન વિભાગને ચિંતા નથી

### રાજકીય આગેવાનો ચૂંટણીમાં 'અર્ધી રાતે કામ હોય તો કહેજો' તેવું કહીને ગયા પણ કોઈ મદદ કરતું નથી

### રાજયનાં વનમંત્રીએ બાબાપુર પંથકનાં ગામજનોની સમસ્યા દૂર કરવી જરૂરી છે

અમરેલી, તા. ૭

અમરેલી નજીક આવેલ બાબાપુર ગામની બજાર છેલ્લા કેટલાક સમયથી રાત્રીનાં સમયે 'અઘોષિત કર્ફ્યુ' ની સ્થિતિ છે. અહીં હિંસક દીપડાએ કાળો કેર વરસાવ્યો છે. ગત શનિવારે એક બાળકને ફાડી ખાધા બાદ આજે ફરી એક દીપડો ગત રાત્રીનાં એટલે કે મંગળવારે ગામમાં ઘુસી આવ્યો હતો અને એક વાછરડીનું મારણ કરેલ હતું.



અત્યારે સ્થિતિ એવી છે કે, બાબાપુર ગામમાં રાતે આઠ વાગ્યાથી 'અઘોષિત કર્ફ્યુ' લાગી જાય છે. દીપડાનાં ભયથી લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. સૌને પોતાના શાળાએ જતાં બાળકોની ચિંતા કોરી ખાય છે. અહીં પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, સર્વોદય પીટીસી કોલેજ, બાલભવન, છાત્રાલય અને નવોદય વિદ્યાલય જેવા શિક્ષણ સંસ્થાનોમાં અસંખ્ય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમનાં પર જોખમ તોળાઈ રહ્યું છે.

સ્થાનિકોનાં જણાવ્યા અનુસાર વનવિભાગે એક 'દીપડી' પકડી ને સંતોષ માની લીધો છે. પરંતુ હજુ અહીં સાતથી આઠ જેટલાં ખુંખાર દીપડાઓ ફરી રહ્યા છે જેમાંથી 'આદમખોર દીપડા' ની ઓળખ કરી તેમને પકડી પાડવામાં ના આવે ત્યાં સુધી અહીંનાં લોકોને સતત ફફડતા જીવે જીવવાની ફરજ પાડવામાં આવી હોય તેમ લાગે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બાબાપુર અને આસપાસનાં ગામોની હજારોની વસ્તી અત્યારે અત્યંત ભયભીત છે તેમ છતાં સરકારી તંત્રનું કે ચૂંટાયેલા કે હારેલા રાજકીય લોકોનાં પેટનું પાણી પણ હલતું નથી. આ સમગ્ર વિસ્તારનો આક્રોશ ક્રમશઃ વધતો જાય છે અને વહેલી તકે આ સમસ્યાનું સમાધાન કરવામાં નહીં આવે તો અહીંથી એક મોટા આંદોલન શરૂ કરી તેનાં પડઘા ગાંધીનગર અને દિલ્હી સુધી પહોંચાડવાની તૈયારી જનતા કરી રહી છે.













## દેશભરમાં ફેલાયેલ ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી જેવી સમસ્યાઓનાં નિકાલ માટે

# દેશવાસીઓને પ્રજા સમજતાં શાસકોનો જનતાએ કાન આમળવો પડશે

**લોકશાહી શાસન વ્યવસ્થામાં શાસકો માત્ર જનપ્રતિનિધિ છે અને તેઓ દેશવાસીઓને પ્રજા સમજતાં અને કહેતા જોવા મળી રહ્યા છે**

**રાજાશાહી શાસન વ્યવસ્થામાં પ્રજા શબ્દ પ્રચલિત હતો હવે દેશમાં લોકશાહી આવી ચુકી છે**

**કોઈપણ જગ્યાએ કોઈપણ જનપ્રતિનિધિ જનતાને પ્રજા કહીને ભાષણબાજી કરે તો તેનો વિરોધ કરવો જરૂરી છે**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં દેશવાસીઓએ પોતાની કિંમત સમજવી પડશે**

અમરેલી, તા. ૭

ભારત દેશ આઝાદ થયાને ૭૭ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. આગામી અઠવાડીયેથી દેશનાં આઝાદી દિન ૧૫ ઓગષ્ટની દેશભરમાં ઉજવણી થવાની તૈયારીઓ શરૂ થઈ છે. તેવા સમયે દેશવાસીઓમાં દેશભરમાં ફેલાયેલ ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી સહિતની સમસ્યાનાં નિરાકરણ અર્થે દેશવાસીઓએ પ્રજાને બદલે જનતા બનવું પડશે અને શાસકોનો કાન આમળવો પડશે.

દેશનાં જનપ્રતિનિધિ ગણાતાં જુદા–જુદા રાજકીય પક્ષોનાં આગેવાનો, ઉમેદવારો કે ચૂંટાયેલા વ્યકિતઓ જાહેર ભાષણમાં કે રાબેતા મુજબની વાતચીતમાં દેશવાસીઓને "પ્રજા" કહીને સંબોધન કરતાં જોવા મળી રહ્યા છે તો મીડિયા જગતમાં પણ અવારનવાર "પ્રજા" શબ્દનો ઉપયોગ થઈ રહ્યો છે જે દેશવાસીઓનું અપમાન છે. "પ્રજા" શબ્દ રાજાશાહી વખતે પ્રચલિત હતો. લોકશાહી શાસન વ્યવસ્થામાં દેશમાં "પ્રજા" શબ્દ ઉચિત નથી જનતા, નાગરિક તરીકે જ દેશવાસીઓને સંબોધન કરવાનું હોય છે.

દેશવાસીઓ "પ્રજા" મટીને જનતા બની જાય અને તલાટી મંત્રીથી લઈને પ્રધાનમંત્રી સહિત સૌ કોઈ જનતાનાં સેવક કે પ્રતિનિધિ હોય છે. દેશની સાચી માલીક જનતા છે એટલે જનતાને તમામને પ્રશ્ન પુછવાનો અબાધિત અધિકાર છે અને જનતા પોતાના અધિકારનો ઉપયોગ કરે તો દેશમાં ફેલાયેલ સેંકડો સમસ્યાનો કોઈ ઉકેલ મળી શકે તેમ છે.

### સામાન્ય બાબાતને લઈને આત્મહત્યાનાં બનાવો બનતા ચિંતા

## સાવરકુંડલાની યુવતીએ ઘરનાં વાસણ સાફ કરવા ન હોય ઝેર પી લેતા અરેરાટી

**યુવતીએ સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૭

સાવરકુંડલાતાલુકાનાબાઢડા ગામનાવતનીઅનેહાલસાવરકુંડલાગામે કોળીવાડનું નાકું, ઝીંઝુડા ગેટ પાસે બાબુભાઈ છગનભાઈ ત્રાપસિયાનાં મકાનમાં રહેતા રેખાબેન મુકેશભાઈ સલખણાની દિકરી હેમાંશી મુકેશભાઈ સલખણાનામની૨૧ વર્ષિયયુવતીનેઘરના વાસણ ધોવાનુંકહેલઅનેતેબાબતેઠપકો આપી ખિજાયેલ હોય. જે વાતનું યુવતીને મનમાં લાગી આવતા તા. ૫ ના ૯ વાગ્યે પોતાનીજાતેઘરમાંઝેરીદવાપીલેતાંસારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાંજાહેરથવાપામેલછે.

### ખેડૂત સનેડો વાહન લઈને પસાર થતાં હતા

## રાજુલા : નાના રીંગણીયાળાની ધાણા નદીનાં પુલ પરથી સનેડા સાથે ચાલક નીચે પડયા

**નદીનાં પાણીમાં ડૂબી જવાથી ચાલકનું મોત**

અમરેલી, તા. ૭

રાજુલાતાલુકાનાવડલીગામે રહેતાગાંગજીભાઈબચુભાઈબલદાણીયા નામનાંઉ૨વર્ષિયખેડુતતા. ૬નારોજબપોરે ૨ વાગ્યાના અરસામાં પોતાની નાના રીંગણીયાળા ગામની સીમમાં આવેલ વાડીએથીસનેડોવાહનચલાવીવડલીગામે જતાહતા.તેવખતેનાનારીંગણીયાળાગામે ધાણા નદીના પુલ પર પહોંચતા ગાંગજીભાઈસનેડાનેવાહનમાંવધારેલીવર આપીસનેડોવાહન પોતાનીતથાસાથેના બીજાનીજીંદગીજોખમાયતેરીતેપુરઝડપે બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી વાહનઉપરનોકાબુગુમાવતાચાલકસહિત સનેડાવાહનસાથેધાણાનદીમાંનીચેપડતા ધાણા નદીમાં રહેલ પાણીમાં ડુબી મરણ ગયાનુંપોલીસમાંનાગજીભાઈબચુભાઈ બલદાણીયાએજાહેર કરેલછે.

### જીલ્લા બહુજન આર્મીના પ્રમુખ રાણવાનું નિવેદન

## એસ.સી., એસ.ટી., ઓબીસી માટેની અનામતમાં સબ કવોટાની જોગવાઈ એ ભાજપનું ષડયંત્ર

**૨૧ ઓગષ્ટનાં ભારત બંધનાં એલાનને સમર્થન આપવા અનુરોધ**

અમરેલી, તા. ૭

તાજેતરમાં નામ સુપ્રિમ કોર્ટના વિવાદાસ્પદ હુકમ કરીને એસ.સી. એસ.ટી. અનામતમાં સબ કવોટા દાખલ કરવાની જે મંજુરી આપેલ છે. તે કેન્દ્ર સરકાર, ભાજપ, આર એસ એસ અને દેશના મનુવાદીઓનું ષડયંત્ર હોઈ તેવું લાગી રહ્યું છે આ બાબતે એસ.સી એસ.ટી. સમાજના આગેવાનોએ તથા ઈન્ડિયા ગઠબંધનમાં નેતાઓ અને કોંગ્રેસ પાર્ટી દ્વારા જબરદસ્ત વિરોધ થઈ રહ્યો છે. તા. ૨૧ ઓગસ્ટના રોજ 'ભારત બંધનું' એલાન પણ આપે છે. તે બંધને સંપૂર્ણ ટેકો આપવા 'ભારત સંઘ' રાખવા માટે જીલ્લા બહુજન આર્મી પ્રમુખ અને જીલ્લા કોંગી ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાએ હાકલ કરેલ છે.



કોંગ્રેસના નેતા, લોકસભા વિરોધ પક્ષના નેતા દ્વારા જે જાતિગત જણગણનાની માંગણી નહિ સ્વારાઈ ત્યાં સુધી સામાજીક અસમાનતા દુર થઈ શકશે નહિ. વસ્તીના પ્રમાણમાં અનામત સાથે જ લાભો મળે તેવી માંગ કોંગ્રેસ પક્ષ, ઈન્ડિયા ગઠબંધન તથા એન.ડી.એ. ગઠબંધનના સાથીપક્ષો પણ ઉઠાવી રહયા છે તે માટે બધાને અભિનંદન પરંતુ ભાજપ અને તેના સાંસદો અને એસઅી, એસટીના સાંસદો કે જે પક્ષના કટપુતળી બની ગયા છે તેવા સમાજ વિરોધી નેતાઓ ચુપ છે ને દુઃખની વાત છે. આ ગદારી એસસી, એસટી સમાજને સમજીને આવા નેતાઓને બહિષ્કાર કરવા રાણવાએ હાંકલ કરી છે. તેમ તેની યાદીમાં જણાવે છે.

## મોરવાડા ગામના બાળકનો અદ્‌ભુત કૌશલ્ય દર્શાવતો વિડિયો વાયરલ

અમરેલી, તા. ૭

વડિયા પાસે આવેલ મોરવાડા ગામે રહેતા નરેશભાઈ દાદભાઈ બસીયાનો ૪ વર્ષનો પુત્ર પુષ્પરાજ બસીયાનો વિડિયો હાલ સોશ્યલ મિડિયામાં ધૂમ મચાવી રહ્યો છે. અને આ વિડિયોને લોકો બોવ પસંદ કરી રહ્યા છે. આટલી નાની ઉંમરમાં શ્રાવણ માસમાં ફટાફટ જયોતિલિંગ અને મહાદેવનો મહિમા વિશે જવાબ આપી રહ્યો છે પુષ્પરાજ નાનકડી વયમાં બાળકે શિવપુરાણના શ્લોક અને કથા વિશે જાણકારી આપી સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા. એની સાથે સાથે ભગવાન રામ વિશે પણ કડકડાટ જવાબો આપે છે પુષ્પરાજ બસીયા.



પુષ્પરાજ બસીયા કુંકાવાવ તાલુકાના મોરવાડા ગામે રહે છે ઉ.વ.૪ છે અને વડિયા અભ્યાસ કરે છે.

આટલી નાની ઉંમરે ભકિત પ્રત્યેનો પ્રેમ વિડિયોમાં જોવા મળ્યો.

શ્રાવણમાસમાં પુષ્પરાજનો શિવ મહિમા વર્ણવતો વિડિયોએ સોશિયલ મિડિયા પર ધૂમ મચાવી છે.

## અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી



અમરેલી, તા. ૭

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ થી ૭ ઓગષ્ટ દરમ્યાન ''વિશ્વ સ્તનપાન સપ્તાહ'' ઉજવવામાં આવે છે. દુનિયાભરમાં શિશુઓના આરોગ્યમાં સુધારા અને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાનો હેતુ સાથે આ સપ્તાહ ઉજવાય છે. માતાનું દૂધ એક સંપૂણ આહાર છે, જેમાં બાળકની જરૂરિયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે. જેને શિશુ સરળતાથી પચાવી શકે છે. માતાના દૂધથી બાળકના સ્નાયુ મજબૂત થાય, માનસીક શકિત વધે અને રોગોમાં નિયંત્રણ આવે છે આવા અનેક ગુણો અને પોષકતત્વો દૂધમાં હોય છે.

શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીમાં માતાઓ મોટી સંખ્યામાં સહભાગી બની હતી. અને સ્તનપાનનું મહત્વ, સ્તનપાનની યોગ્ય રીત, શિશુની જાળવણી અને સંભાળ વગેરે બાબતો પર તેમને વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. નર્સીગ વિદ્યાર્થીઓ અને નર્સીગ સ્ટાફ દ્વારા અલગ – અલગ પોસ્ટરો બનાવી સહુને સરળ ભાષામાં સમજાય તેવી રીતે પ્રેકિટકલ માહિતી પણ આપેલ હતી.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. જલ્પા રાઠોડ તથા બાળરોગ નિષ્ણાંત ડો. મિરલ સુદાણી દ્વારા માતાઓને સુખડી વિતરણ કરવામાં આવેલ હતું.

### નવું બાંધકામ કરનારને અમદાવાદનો ધક્કો બંધ થયો

## અમરેલીનાં એરપોર્ટની ૨૦ કિ.મી. ત્રિજયાના નવા બાંધકામ મંજુરીની અરજી સ્થાનિક કક્ષાએ સ્વીકારાશે

**સ્થાનિક એરપોર્ટ ખાતેથી અરજી સ્વીકારવામાં આવશે**

અમરેલી, તા. ૭

અમરેલીનાં એરોપર્ટની ૨૦ કી.મી. ની ત્રિજયામાં નવા બાંધકામ માટે એરપોર્ટ ઓપોરિટિની અમદાવાદ ખાતેથી એનઓસી મેળ વવાનો નિયમ રદ કરીને હવે સ્થાનિક એરપોર્ટ ખાતે નવુ બાંધકામ કરનારે એનઓસી માટેની અરજી આપવાની રહેશે.

### પ્રદેશ ભાજપ કિસાન મોરચાની સફળ રજૂઆત

## વિધવા પેન્શન માટે ૫૦ વર્ષથી મોટા માતા–બહેનોને પુનઃ લગ્નનું પ્રમાણપત્ર રજૂ કરવામાંથી મુકિત

**કિસાન મોરચાનાં મહામંત્રી હિરેન હિરપરાએ સરકારાનો આભાર માન્યો**

અમરેલી, તા. ૭


ગુજરાત રાજયમાં ભાજપ સરકાર દ્વારા વિધવા માતા–બહેનોને ગંગા– સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ દર મહિને રૂ.૧૨૫૦ની સહાય ચૂકવવામાં આવે છે. રાજયમાં ૧૫,૬૬, ૨૦૪ કરતા પણ વધુ બહેનોને આ સહાય આપવામાં આવે છે. જે પરિવારીની અંદર ઘરના કમાવનાર વ્યકિતનું અવસાન થાય પછી એ પરિવારની સ્થિતિ મુશ્કેલી જનક બનતી હોય છે. આવા સમયે રાજય સરકારની આ સહાય આશીર્વાદ રૂપ બને છે. રાજયમાં ગંગા–સ્વરૂપા આર્થિક સહાય યોજના અમલમાં આવ્યા પછી આ યોજનાનો લાભ બહેનોને દર વર્ષે પુન : લગ્ન કરેલા નથી. એ પ્રકારનો દાખલો દર વર્ષે રજુ કરવો ફરજીયાત છે. ત્યારે ૫૦/૬૦ વર્ષથી મોટી ઉંમરની માતા–બહેનોને



દાખલો મેળવવામાં મનમાં કયાંક કચવાટ થતો કે અમારે આ ઉંમરે આવો દાખલો આપવો પડે તે વ્યાજબી ના ગણાય.

ગુજરાત ભાજપ પ્રદેશ કિસાન મોરચા દ્વારા ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ –કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાને રજૂઆત કરવામાં આવતા જુના નિયમોમાં ફેરફાર કરીને ૫૦ વર્ષથી મોટી ઉંમરની માતા બહેનોને પુનઃલગ્ન પ્રમાણપત્રક માંથી મુકિત આપવાના કરેલા નિર્ણય બદલ ગુજરાત ભાજપ પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ રાજય સરકારનો આભાર વ્યકત કરેલ છે.


















### વિનેશ ફોગાટને ઠેરવાઈ ગેરલાયક

# વુમન્સ રેસલિંગમાં ઓલિમ્પિક ગોલ્ડ મેડલનું ભારતનું સપનું ચકનાચૂર

## માત્ર ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાને કારણે ફાઈનલમાં પહોંચેલી ભારતીય રેસલર વિનેશ ફોગાટ ઓલિમ્પિક મેડલની રેસમાંથી બહાર ફેંકાઈ

પેરિસ, તા.૭
ભારતીય રેસ્લર વિનેશ ફોગાટ પેરિસ ઓલિમ્પિકમાં ૧૪૦ કરોડ દેશવાસીઓની આશાનું પ્રતિક હતી. જોકે, એક જ રાતમાં આ 'દંગલ ગર્લ' સાથે રમાઈ ગઈ રમત! ઓલિમ્પિક ૨૦૨૪થી ભારત માટે આવ્યા ખરાબ સમાચાર. મહિલા કુશ્તી ૫૦ કિગ્રા સ્પર્ધાની ફાઈનલમાં પહોંચેલી વિનેશ ફોગાટ મેડલની રેસમાંથી બહાર કરી દેવામાં આવી છે. મેચ રમ્યા પહેલાં ફોગાટને કરી દેવામાં આવી ડિસક્વાલિફાય.

ઓવરવેઈટ એટલેકે, વધુ પડતા વજનને કારણે કમિટીએ વિનેશને ઠેરવી છે ગેરલાયક. આ અગાઉ તેણે ક્વાર્ટર ફાઈનલ પહેલા તેણે વિશ્વ ચેમ્પિયન જાપાનની સુસાકીને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી હતી. આ પછી, તેણે જીતની હેટ્રિક ફટકારીને ઈતિહાસ રચ્યો અને ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું. પરંતુ હવે તેને ૭ ઓગસ્ટની સવારે મોટો આંચકો લાગ્યો છે. ઓવરવેઈટને કારણે તેને સ્પર્ધામાંથી બહાર કરી દેવાઈ હોવાના આઘાતજનક સમાચાર સામે આવ્યાં.

માત્ર ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાને કારણે રેસલર વિનેશ ફોગાટ ઓલિમ્પિક મેડલની રેસમાંથી બહાર ફેંકાઈ હોવાનું સામે આવ્યું છે. આ વાત માન્યામાં આવે એવી નથી, કે રાતોરાત કઈ રીતે વધી ગયું વજન. પરંતુ કમિટીએ પોતાનો આદેશ સંભળાવી દીધો છે. ભારતીય ઓલિમ્પિક સંઘ દ્વારા આ આઘાતજનક સમાચારોની પુષ્ટિ કરવામાં આવી છે ભારતીય ઓલિમ્પિક સંઘે વિનેશ ફોગાટને લઈને આ વાતની પુષ્ટિ કરી છે. એસોસિએશન દ્વારા એક સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું હતું, 'તે ખેદજનક છે કે ભારતીય ટીમ વિનેશ ફોગાટને મહિલા કુશ્તી ૫૦ કિગ્રા વર્ગમાંથી અયોગ્ય જાહેર કરવાના સમાચાર શેર કરી રહી છે. આખી રાત ટીમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે તેનું વજન ૫૦ કિલો કરતાં થોડા ગ્રામ વધુ હોવાનું જણાયું હતું. ટીમ આ સમયે વધુ કોઈ ટિપ્પણી કરશે નહીં. ભારતીય ટીમ તમને વિનેશની ગોપનીયતાનું સન્માન કરવાની વિનંતી કરે છે.
વિનેશ ફોગાટની મેડલ મેચ ૧૨ કલાક બાદ યોજાવાની હતી. મંગળવારે તેની જીતની હેટ્રિક બાદ મેડલ નિશ્ચિત જણાતો હતો. પરંતુ ફાઈનલ મેચના ૧૨ કલાક પહેલા ભારત માટે આ ખરાબ સમાચાર સાંભળવા મળ્યા છે. વિનેશ ફોગાટને સમગ્ર ભારતમાંથી ખૂબ અભિનંદન મળી રહ્યા છે. પરંતુ સોનાની આશા ફરી એકવાર ઠગારી નીવડી છે. બુધવારે રાત્રે ૧૨.૫૦વાગ્યે વિનેશ ફોગાટની ફાઈનલ મેચ સારા હિલ્ડેબ્રાન્ડ સામે થવાની હતી. તેણીએ પ્રથમ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને અલ્જેરિયાના ઈબ્તિસેમ ડોડોઉને હરાવ્યો હતો. ક્વાર્ટર ફાઈનલમાં સારાએ ચીનની ફેંગ ઝીકીને ૭-૪થી હરાવ્યું હતું. હવે ફાઈનલમાં સારાએ વિનેશ સાથે લડ્યા વિના જીત તરફ આગળ વધી છે.વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાં અયોગ્ય જાહેર કરાઈ છે. આ સ્થિતિમાં ભારતના ઓલિમ્પિક ખેલાડીઓને પણ જોરદાર ઝટકો લાગ્યો છે. સૂત્રોએ જણાવ્યું કે તેમનું વજન ૫૦ કિલોની કેટેગરી સાથે મેળ નથી ખાતું. ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) એ કહ્યું કે આ આઘાતજનક છે કે ભારતીય ટીમ મહિલા કુશ્તી ૫૦ કિગ્રા કેટેગરીથી વિનેશ ફોગટ અયોગ્ય જાહેર થઈ છે. રાતભર ટીમ દ્વારા કરાયેલા શ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે તેનું વજન ૫૦ કિગ્રાથી થોડોક જ વધારે હતું. હાલના સમયે ટીમ દ્વારા કોઈ ટિપ્પણી કરવામાં આવી રહી નથી.પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માંથી અયોગ્ય જાહેર થયા બાદ ભારતીય મહિલા રેસલર વિનેશ ફોગાટ મહિલા કુસ્તી ૫૦ કિગ્રા વર્ગની ફાઈનલમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી. હવે વિનેશ ફોગાટની સામે સેમિફાઈનલમાં હારનાર ક્યુબાની મહિલા રેસલર યુઝનેલિસ ગુઝમેન લોપેઝ ફાઈનલ રમશે. પહેલા જ રાઉન્ડમાં વિનેશનો મુકાબલો જાપાની રેસલર વાય સુસાકી સામે હતો. સુસાકીએ ટોક્યો ઓલિમ્પિકમાં પચાસ કિલોગ્રામ વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. પરંતુ સૌથી મોટી વાત એ હતી કે આ વિશ્વની નંબર વન રેસલર આંતરરાષ્ટ્રીય સ્તરે ડેબ્યૂ કર્યા બાદ એકપણ મેચ હારી નથી. સુસાકી જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપથી લઈને ઓલિમ્પિક સુધી કુલ ૧૩ વખત ફાઈનલ રમી હતી અને દરેક વખતે ગોલ્ડ મેડલ સાથે પરત ફરતી હતી. સુસાકીએ વિનેશ સામે પ્રથમ ટાઈમ પીરિયડમાં એક પોઈન્ટ મેળવીને લીડ મેળવી હતી. આ સમયગાળા દરમિયાન વિનેશને કોઈ પોઈન્ટ મળ્યા ન હતા. સુસાકીએ બીજા રાઉન્ડમાં પણ પોઈન્ટ મેળવ્યો હતો. વિનેશે મજબૂત પકડ વડે બે ટેકનિકલ પોઈન્ટ મેળવ્યા હતા. મુકાબલો ઘણો જ રોમાંચક બન્યો હતો અને અંતિમ ક્ષણોમાં વિનેશે બાજી મારી લીધી હતી અને ૩-૨થી મુકાબલો પોતાના નામે કર્યો હતો.ક્વાર્ટર ફાઈનલમાં વિનેશે યુક્રેનની ઓક્સાના લિવાચનો સામનો કર્યો હતો. ઓક્સાના યુરોપિયન ચેમ્પિયન રહી ચૂકી છે અને તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ પણ જીત્યો છે. વિનેશે આ મેચમાં શરૂઆતથી જ પ્રભુત્વ જમાવ્યું હતું. વિનેશે ત્રણ મિનિટના પ્રથમ સમયગાળામાં બે ટેકનિકલ પોઈન્ટ લઈને લીડ મેળવી હતી. બીજા રાઉન્ડની શરૂઆતમાં તેણે ફરી એકસાથે બે પોઈન્ટ મેળવ્યા હતા. આ સમય દરમિયાન ઓક્સાનાએ પુનરાગમન કર્યું અને એકવાર વિનેશને સેન્ટ્રલ સર્કલમાંથી બહાર ફેંકવાનો પ્રયાસ કર્યો અને પોઈન્ટ મેળવ્યા હતા. છેલ્લી કેટલીક સેકન્ડોમાં રોકસાના પોઈન્ટ મેળવવાની ઉતાવળમાં દેખાઈ હતી. તેણે આ સમયગાળામાં ૨-૧-૧-૧ પોઈન્ટ મેળવ્યા હતા. જોકે, વિનેશ પહેલા જ છ પોઈન્ટ પર પહોંચી ગઈ હતી. છેલ્લી ક્ષણોમાં તેણે વધુ એક પોઈન્ટ મેળવ્યો અને રેસલિંગ મેચ ૭-૫થી જીતી લીધી.

### વિનેશ ફોગાટ ઓલિમ્પિકમાં અયોગ્ય જાહેર થતા હોબાળો

# વિનેશે હંમેશા દેશને ગૌરવ અપાવ્યું : રાહુલ ગાંધી

## વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છો તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા છો : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૭
પેરિસ ઓલિમ્પિકસથી એક મોટા સમાચાર આવ્યા છે. ભારતીય રેસલર વિનેશ ફોગાટને ફાઈનલ મેચ રમવા અયોગ્ય જાહેર કરવામાં આવી છે. ૫૦ કિલો કેટેગરીમાં રમતી વિનેશ ફોગાટનું વજન નક્કી મર્યાદા કરતા ફક્ત ૧૦૦ ગ્રામ વધુ હોવાથી આ નિર્ણય લેવાયો છે. આ ઘટના પછી ભારતે પણ જોરદાર વિરોધ દર્શાવ્યો છે. વિનેશ ફોગાટના ઓલિમ્પિકસમાંથી બહાર જવાના સમાચારથી કારણે કરોડો ભારતીયો નિરાશ થયા છે. આ દરમિયાન સરકારથી લઈને વિપક્ષ સુધીના તમામ નેતાઓએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાને પોતે આ મામલે ટ્વિટ કરીને વિનેશ ફોગટને સાંત્વના આપી છે અને IOA(Indian Olympic Association)ના અધ્યક્ષ પીટી ઉષા સાથે આ મામલે વાત કરી છે. આ સાથે જ કોંગ્રેસ નેતા શશિ થરૂરે પણ આ મામલે સવાલ ઉઠાવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે,'વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છે! તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા છો. આજની હાર દુઃખ આપે છે. હું જે નિરાશાનો અનુભવ કરી રહ્યો છું તેને હું શબ્દોમાં વર્ણવી શકતો નથી. પડકારોનો સામનો કરવો એ તમારો સ્વભાવ રહ્યો છે. તમે મજબૂત રીતે પાછા ફરશો. અમે બધા તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.'

વિનેશ ફોગાટ અયોગ્ય જાહેર થયા બાદ લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પણ પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ નેતાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'વિશ્વવિજેતા રેસલરને હરાવીને ફાઈનલમાં પહોંચનાર વિનેશ ફોગાટને ટેક્નિકલ આધારે અયોગ્ય જાહેર કરવામાં આવી તે દુર્ભાગ્યપૂર્ણ છે. અમને પૂરી આશા છે કે ભારતીય ઓલિમ્પિક સંઘ આ નિર્ણયને મજબૂતીથી પડકારશે અને દેશની દીકરીને ન્યાય અપાવશે. વિનેશ હિંમત હારનારમાંથી નથી. અમને પૂરો વિશ્વાસ છેકે તે મજબૂત રીતે ફરી અખાડામાં પરત ફરશે. વિનેશ તમે હંમેશા દેશને ગૌરવ અપાવ્યું છે. ત્યારે આજે આખો દેશ તમારી તાકાત બનીને તમારી સાથે ઉભો છે.' રેસલર વિનેશ ફોગાટને યોગ્ય ઘોષિત કરવા પર કોંગ્રેસ નેતા શશી થરૂરએ કહ્યું હતું કે, 'મારા માટે વિનેશની અત્યાર સુધીની મેળવેલી જીત ખુબ પ્રભાવશાળી રહી છે. તેણે સાહસ, ક્ષમતા અને દ્રઢ સંકલ્પનો પરિચય આપ્યો છે, તેણે આપણા સૌનું દિલ જીતી લીધું છે. ટેકનિકલ કારણોથી તેને અયોગ્ય ઘોષિત કરવાના સમાચારથી હું ખૂબ જ નિરાશ છું, મને ખબર નથી કે આવું કઈ રીતે થઈ શકે, શું આપણા કોચ બધા નિયમો અને સીમાઓનું પાલન કરાવવામાં યોગ્ય નથી. મારા માટે દુઃખની વાત એ છે કે તેના તમામ પ્રયત્નોને જે લાયક હતો તે પુરસ્કાર મળ્યો નથી.'
આ અંગે સમાજવાદી પક્ષના સુપ્રીમો અખિલેશ યાદવે પણ ટ્વિટ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વિનેશ ફોગટને ફાઈનલમાં ન રમી શકવા માટે જે ટેકનિકલ કારણોની ચર્ચા કરવામાં આવી રહી છે તેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ, અને ખાતરી કરવી જોઈએ કે સત્ય શું છે અને તેની પાછળનું સાચું કારણ શું છે.'
આ બાબતે પૂર્વ સાંસદ બ્રિજ ભૂષણ શરણ સિંહના પુત્ર અને સાંસદ કરણ ભૂષણે ભારતીય રેસલર વિનેશ ફોગાટને ગેરલાયક ઠેરવવા પર કહ્યું, 'આ દેશ માટે નુકસાન છે. ફેડરેશન તેના પર વિચાર કરશે અને જોશે કે આ મામલે શું કરી શકાય છે.'વિનેશ ફોગટ ૫૦ કિગ્રા વજન કેટેગરીમાં ભાગ લઈ રહી હતી. તેનું વજન આજે થોડું વધારે થઈ ગયું છે, જેના કારણે તેને અયોગ્ય જાહેર કરવામાં આવી છે. વિનેશ ફોગાટનું વજન ૫૦ કિલો ૧૦૦ ગ્રામ આવ્યું છે.

### કેન્દ્રીય રમતગમત મંત્રીએ લોકસભામાં આપ્યું નિવેદન

# વિનેશને ટ્રેનિંગ માટે વિદેશમાં પણ મોકલવામાં આવી હતી

## રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સંસદમાં જણાવ્યું કે સરકારે વિનેશ પર ૭૦ લાખ ૪૫ હજાર રૂપિયા ખર્ચ્યા

નવી દિલ્હી, તા.૭
પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં કુસ્તીની ફાઈનલ મેચમાં વિનેશ ફોગાટને ગેરલાયક ઠેરવ્યા બાદ સમગ્ર દેશવાસીઓ નિરાશ થયા છે. આ દરમિયાન રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સંસદમાં જણાવ્યું છે કે સરકારે વિનેશ ફોગાટ પર કેટલા પૈસા ખર્ચ્યા છે.

રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સંસદમાં જણાવ્યું કે સરકારે વિનેશ પર ૭૦ લાખ ૪૫ હજાર રૂપિયા ખર્ચ્યા છે. તેમણે કહ્યું કે વિનેશને ટ્રેનિંગ માટે વિદેશમાં પણ મોકલવામાં આવી હતી. ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.
રમતગમત મંત્રીએ કહ્યું કે વિનેશ ફોગટનું વજન સવારે ૭.૧૦ અને ૭.૩૦ વાગ્યે માપવામાં આવ્યું હતું. વિનેશનું વજન ૫૦ કિલો કરતાં ૧૦૦ ગ્રામ વધુ હોવાનું જાણવા મળ્યું હતું. વિનેશ પાસે વર્લ્ડ ક્લાસ સપોર્ટ સ્ટાફ હતો. તેને વિદેશી કોચ પણ આપવામાં આવ્યો હતો. વિનેશને ગેરલાયક ઠેરવવા પર ભારતે ઓલિમ્પિક એસોસિએશન સમક્ષ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે.

વિનેશ ફોગાટે ૫૦ કિગ્રા ફ્રી સ્ટાઈલ રેસલિંગની ફાઈનલમાં જગ્યા બનાવી હતી પરંતુ વધુ વજન હોવાના કારણે તેને ફાઈનલ મેચમાંથી અયોગ્ય ઠેરવવામાં આવી છે. આનાથી દેશના રમતપ્રેમીઓને ઊંડો ફટકો પડ્યો છે. આખા દેશને વિનેશ ગોલ્ડ મેડલ જીતવાની અપેક્ષા હતી. વિનેશે મોડી રાત્રે ૧૨:૪૫ વાગ્યે તેની ફાઈનલ મેચ રમવાની હતી પરંતુ હવે તેને અયોગ્ય ઠેરવવામાં આવી છે, તેથી તેને સિલ્વર મેડલ પણ નહીં મળે.

આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને વિનેશને સાંત્વના આપવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે લખ્યું છે કે, વિનેશ, તું ચેમ્પિયનની પણ ચેમ્પિયન છે! તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા છો. પડકારોનો સામનો કરવાનો હંમેશા તમારો સ્વભાવ રહ્યો છે. મજબૂતીથી પાછા ફરો! અમે બધા તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.

### ટોળાથી ડરીને ભાગી રહી છે પોલીસ

# બાંગ્લાદેશમાં કત્લેઆમ, શેખ હસીનાના પક્ષના નેતાઓ-હિંદુ સહિતના લઘુમતીઓની હત્યા

## બાંગ્લાદેશમાં લગભગ ૪૫૦ પોલીસ સ્ટેશનોને આગ ચાંપી દેવામાં આવી છે : કાયદો વ્યવસ્થા પડી ભાંગી

ઢાકા, તા.૭
શેખ હસીનાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપીને દેશ છોડીને ભાગી ગયા બાદ, બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. પોલીસ ના તો પોલીસ સ્ટેશનોમાં દેખાઈ રહી છે કે ના તો ટ્રાફિક મેનેજમેન્ટ કરવામાં. સમગ્ર બાંગ્લાદેશમાં પોલીસ સ્ટેશનો અને પોલીસ કેન્દ્રો પર હુમલા થયા છે. બધે ટોળે જ ટોળા દેખાય છે.
ડઝનેક પોલીસકર્મીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. જેના કારણે દેશમાં અરાજકતાભરી સ્થિતિ સર્જાઈ છે. બધે ટોળાશાહી જ જોવા મળી રહ્યું છે. હિંસા પર ઉતરી આવેલ ટોળા બાંગ્લાદેશની લઘુમતી એવા હિન્દુઓને પણ વ્યાપક નિશાન બનાવી રહ્યા છે.
ટોળા દ્વારા માત્ર પોલીસ જ નહીં પરંતુ અવામી લીગના નેતાઓ અને ઓફિસોને પણ નિશાન બનાવવામાં આવી છે. તો બીજીબાજુ હિન્દુ સહીતની લઘુમતી અને ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવ્યા છે. ફેનીમાં પૂર્વ સાંસદ નિઝામ ઉદ્દીન હજારી અને અલાઉદ્દીન અહેમદ ચૌધરી નસીમના ઘરમાં આગ લગાવી દઈને લૂંટફાટ મચાવી હતી.મીડિયા અહેવાલો અનુસાર, અત્યાર સુધી અવામી લીગના નેતાઓ અને તેમના પરિવારના સભ્યોના ૨૯ મૃતદેહ મળી આવ્યા છે. તો અનેક હિન્દુઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોવાના પણ અહેવાલ સામે આવ્યા છે. શેખ હસીના વિરુદ્ધનું આ આંદોલન હવે બિન મુસ્લિમોને ટાર્ગેટ કરવા માટે થયું હોય તેવી લાગી રહ્યું છે.

આંદોલનકર્તા આયોજકો અને જમાતના નેતાઓની અપીલ છતાં, ભીડ બેકાબૂ છે અને ઘણી જગ્યાએ પોલીસ સ્ટેશનોને સળગાવી રહી છે. ઘણા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોતાનો જીવ બચાવવા લપાઈ ગયા છે અને પોલીસ સ્ટેશનો ખાલી પડ્યા છે. પોલીસકર્મીઓ પોતે પણ તેમની સુરક્ષાની ખાતરી માંગી રહ્યા છે. જેથી તેઓ તેમની ફરજ પર પાછા આવી શકે. બાંગ્લાદેશ પોલીસ સર્વિસ એસોસિએશન, નોન-કેડર અધિકારીઓ અને સભ્યોનું પ્રતિનિધિત્વ કરે છે, તેઓએ એક અખબારી યાદીમાં તેમની ફરિયાદો અને કામ બંધ કરવાની જાહેરાત કરી છે.

શેખ હસીનાની સરકારના પતન પછી દેશભરમાં પોલીસ સ્ટેશનો પર હુમલા શરૂ થયા છે. હવે, દરેક સ્તરે પોલીસકર્મીઓ તેમની સુરક્ષાને લઈને ચિંતિત છે. ઘણા પોલીસ અધિકારીઓ તેમના પરિવાર સાથે સંબંધીઓના ઘરે ગયા છે, કેટલાક તો તેમના રહેણાંક વિસ્તારોમાંથી ભાગી ગયા છે.
મોટાભાગના પોલીસ અધિકારીઓ તેમના જીવ જોખમમાં હોવાને કારણે છુપાઈ ગયા છે. સમગ્ર દેશમાં પોલીસની જાનહાનિ અને નુકસાનનું હજુ આકલન કરી શકાયું નથી. બાંગ્લાદેશ પોલીસ સર્વિસ એસોસિએશનના જણાવ્યા અનુસાર, દેશભરમાં લગભગ ૪૫૦ પોલીસ સ્ટેશનો પર હુમલા થયા છે. સમગ્ર દેશમાં પોલીસ સ્ટેશનોની કુલ સંખ્યા અંદાજે ૬૫૦ છે. અધિક પોલીસ મહાનિરીક્ષક એ કે એમ શાહિદુર રહેમાને રાજારબાગ પોલીસ લાઈન્સમાં મીડિયા કોન્ફરન્સમાં જણાવ્યું હતું. "સરકારના પતન પછી કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે, પોલીસ કર્મચારીઓના મૃતદેહોને પુનઃપ્રાપ્ત કરવાના પ્રયાસો હજુ પણ ચાલુ છે. તેથી હજુ સુધી જાનહાનિનો ચોક્કસ આંકડો જાણી શકાયો નથી.
અધિક પોલીસ મહાનિરીક્ષક એ કે એમ શાહિદુર રહેમાન, જેમને પ્રવર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા મંગળવારે બાંગ્લાદેશ પોલીસના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
તેમણે પોલીસ દળને ધીમે ધીમે તેનું કામ ફરી શરૂ કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા હાકલ કરી છે. શાહિદુર રહેમાને કહ્યું, "પોલીસ લોકોનો મિત્ર છે અને જનતા માટે કામ કરે છે. પોલીસ વગરના સમાજની આપણે કલ્પના કરી શકતા નથી. તેથી, હું ફરી એકવાર અમારા પોલીસ સભ્યોને અફવાઓને અવગણવા અને ધીમે ધીમે તેમની ફરજ પર પાછા ફરવાની અપીલ કરું છું.

### ઉત્તરપ્રદેશના સીએમ યોગીનું મોટું નિવેદન

# પાડોશી દેશોમાં હિંદુઓને શોધીને માર મારવામાં આવી રહ્યો છે

## બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા વચ્ચે હિંદુ મંદિરો પર હુમલા થયા છે : આપણે ઈતિહાસમાંથી સીખ લેવી પડશે

લખનૌ, તા.૭
બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર ઉથલાવી દેવામાં આવી છે. દેશમાં હજુ પણ હિંસા પ્રવર્તી રહી છે અને ઘણી જગ્યાએ હિંદુ મંદિરો પર હુમલા પણ થયા છે. છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયા પર તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. હવે આ વાયરલ વીડિયો પ્રકાશમાં આવ્યા બાદ રાજકીય બયાનબાજી તેજ થઈ ગઈ છે. આ મુદ્દે સીએમ યોગી આદિત્યનાથે પણ મોટું નિવેદન આપ્યું છે.અયોધ્યા મુલાકાત પર પોતાના નિવેદનમાં સીએમ યોગીએ બાંગ્લાદેશનું નામ લીધા વિના કહ્યું કે, 'હિંદુઓને શોધીને માર મારવામાં આવી રહ્યો છે. આપણે ઈતિહાસમાંથી સીખ લેવી પડશે. આપણે દ્રઢ નિશ્ચય સાથે કામ કરવું પડશે. આજે અયોધ્યાવાસીઓને દેશભરમાં સન્માન મળી રહ્યું છે. માન-સન્માન મેળવવા માટે આદર સુરક્ષિત રાખવો પડે છે.
સનાતન ધર્મ પર આવનાર સંકટ સામે સાથે મળીને કામ કરવાની જરૂર છે. મિલ્કીપુર વિધાનસભા પેટાચૂંટણીને લઈને મુખ્યમંત્રીએ નામ લીધા વગર આ નિવેદન આપ્યું છે.હકીકતમાં, છેલ્લા બે દિવસ દરમિયાન હિન્દુઓના મંદિરો અને ઘરોને સળગાવવાના અને તોડફોડના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. આ સમય દરમિયાન યુઝર્સ આને સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે અને તમામ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. આ ઘટનાક્રમ વચ્ચે સીએમ યોગીએ પહેલીવાર આ મુદ્દે પ્રતિક્રિયા આપી છે.

નોંધનીય છે કે બાંગ્લાદેશમાં હિંસક દેખાવો વચ્ચે ભારતે તેના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. બાંગ્લાદેશની તાજેતરની સ્થિતિને ધ્યાનમાં રાખીને વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને આગામી આદેશ સુધી બાંગ્લાદેશની યાત્રા ન કરવા માટે કડક સૂચના આપી છે. ભારતના વિદેશ મંત્રાલય (MEA) એ બાંગ્લાદેશમાં હાજર તેના નાગરિકો માટે હેલ્પલાઈન નંબર પણ જારી કર્યો છે.વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "વર્તમાન ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને, ભારતીય નાગરિકોને કડક સલાહ આપવામાં આવે છે કે તેઓ આગામી આદેશ સુધી બાંગ્લાદેશની મુસાફરી ન કરે. "હાલમાં બાંગ્લાદેશમાં રહેલા તમામ ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ અત્યંત સાવધાની રાખે, તેમની હિલચાલ મર્યાદિત કરે અને ઢાકામાં ભારતીય હાઈ કમિશન સાથે ઈમરજન્સી ફોન નંબર દ્વારા સંપર્કમાં રહે."

### આ બેઠકો પર પેટાચૂંટણી ૩ સપ્ટેમ્બરના રોજ યોજાશે

# રાજ્યસભાની ૧૨ બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત

## ૧૪ ઓગસ્ટથી ઉમેદવારી દાખલ કરી શકાશે : ૨૧ ઓગસ્ટ ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે

નવી દિલ્હી,તા.૭
ભારતના ચૂંટણીપંચે રાજ્યસભાની ૧૨ ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. ૩ સપ્ટેમ્બરે આ પેટાચૂંટણી યોજાશે. ૧૪ ઓગસ્ટથી ઉમેદવારી દાખલ કરી શકાશે. ૨૧ ઓગસ્ટ ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે, ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૬ અને ૨૭ ઓગસ્ટ છે. જ્યારે આ પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૨ ઓગસ્ટે થશે. રાજ્યસભાની પેટાચૂંટણી આસામ અને મહારાષ્ટ્રમાં બે-બે બેઠકો અને બિહાર, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા, તેલંગાણા અને ઓડિશામાં એક-એક બેઠક પર યોજાશે. હરિયાણા, આસામ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓડિશામાં ભાજપના ઉમેદવાર જીતે તેવી શક્યતા છે કારણ કે આ રાજ્યોમાં ભાજપ સત્તામાં છે અને સંખ્યા ભાજપની તરફેણમાં છે. કેન્દ્રીય પ્રધાનો પીયૂષ ગોયલ, સર્બાનંદ સોનોવાલ, જ્યોતિરાદિત્ય સિંધિયા, દીપેન્દ્ર હુડ્ડા, મીસા ભારતી, બિપ્લબ કુમાર દેબ, કે.સી. વેણુગોપાલ સહિત હાલના સભ્યો લોકસભા માટે ચૂંટાવાને કારણે રાજ્યસભાની ૧૦ બેઠકો ખાલી પડી હતી. જ્યારે સભ્યોના રાજીનામાના કારણે બે બેઠકો ખાલી પડી છે.

### હરિયાણાના સીએમએ ઘણી જાહેરાતો કરી

# ૪૬ લાખ પરિવારોને મળશે ૫૦૦ રુપિયે ગેસ સિલેન્ડર

## મુખ્યમંત્રી નાયબ સૈનીએ હરિયાણાના જીંદના નવા અનાજ બજારમાં રાજ્ય સ્તરીય તીજ ઉત્સવમાં ભાગ લીધો હતો

હરિયાણા, તા.૭
હરિયાણામાં વિધાનસભા ચૂંટણી પહેલા સીએમ નાયબ સૈનીએ મોટી જાહેરાત કરી છે. રાજ્યના જીંદમાં તીજના તહેવાર નિમિત્તે હરિયાણાની નાયબ સૈની સરકારે મોટી જાહેરાત કરી છે. આ દરમિયાન મુખ્યમંત્રીએ હરિયાણામાં પ્રતિ સિલિન્ડર ૫૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સીએમ સૈનીએ કહ્યું કે રાજ્યમાં ૪૬ લાખ પરિવારોને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર મળશે. રાજ્યમાં ૧ લાખ ૮૦ હજાર રૂપિયાથી ઓછી આવક ધરાવતા પરિવારોને આ સરકારી યોજનાનો લાભ મળશે.મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી નાયબ સૈનીએ જીંદના નવા અનાજ બજારમાં રાજ્ય સ્તરીય તીજ ઉત્સવમાં ભાગ લીધો હતો અને મોટી સંખ્યામાં મહિલાઓ અહીં પહોંચી હતી. જનસભા દરમિયાન મુખ્યમંત્રી નયબ સિંહ સૈનીએ કહ્યું કે પીએમ મોદી ઉજ્જવલા યોજના હેઠળ મહિલાઓ માટે ખૂબ જ સારું કામ કરી રહ્યા છે અને હવે હરિયાણામાં આ યોજનાના લાભાર્થીઓને ૫૦૦ રૂપિયાનું સિલિન્ડર આપવામાં આવશે.તેમણે કહ્યું કે હવે રાજ્યના ૪૬ લાખ પરિવારોને આ યોજનાનો લાભ મળશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, મુખ્યમંત્રી દૂધ ભેટ યોજના હેઠળ હવે ૧૪-૧૮ વર્ષની દીકરીઓને ૧૫૦ દિવસ સુધી શાળાઓમાં ફોર્ટિફાઈડ દૂધ આપવામાં આવશે. આ સિવાય હવે હરિયાણા માતૃ શક્તિ ઉદ્યમ યોજના હેઠળ મહિલાઓ ૫ લાખ રૂપિયા સુધીની લોન મેળવી શકશે. આ સમયગાળા દરમિયાન, મુખ્યમંત્રીએ સ્વ-સહાય જૂથોની મહિલાઓનું રિવોલ્વિંગ ફંડ ૨૦૦૦૦ રૂપિયાથી વધારીને ૩૦૦૦૦ રૂપિયા કરવાની જાહેરાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે અમારી સરકારે હેલ્પ ગ્રુપના સમુહ સખીનું માનદ વેતન ૧૫૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરવાનું છે. પોતાના ભાષણમાં સીએમ સૈનીએ મહિલાઓની પ્રશંસા કરી અને કહ્યું કે આપણા હરિયાણાની દીકરીઓ પોતાની ક્ષમતાનું અભૂતપૂર્વ પ્રદર્શન કરી રહી છે. મનુ ભાકરે સમગ્ર દેશમાં હરિયાણાને ગૌરવ અપાવ્યું છે. રાજકારણના ક્ષેત્રમાં પણ મહિલાઓની ભાગીદારી વધી છે અને આવી સ્થિતિમાં અમે મહિલાઓના ઉત્થાન માટે સંકલ્પબદ્ધ છીએ. તીજ એ હરિયાળી સાથે સંકળાયેલો તહેવાર છે અને તમે બધા એક પેડ઼ે મા નામ અભિયાન સાથે જોડાયેલા છો. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા પંચકુલામાં મુખ્યમંત્રીએ રાજ્યમાં ગાયોના આશ્રયસ્થાનોમાં પ્રાણીઓ માટે ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી હતી.

### દર્દીઓને બહારગામ જવામાંથી છુટકારો

# સા.કુંડલા ખાતે થ્રીડી સોનોગ્રાફી ટેસ્ટ માટેનો વિધિવત થયો પ્રારંભ

## ડો. શૈલા લલિયા દ્વારા સેન્ટરનો પ્રારંભ




સાવરકુંડલા,તા.૭

સાવરકુંડલા શહેર તાલુકાના લોકોને થ્રીડી સોનોગ્રાફી માટે અમરેલી ના ધકકા થતા તેનો છુટકારો થયેલો છે ને આજે સાવરકુંડલાના આંગણે નોવા ઈમેજીંગ સેન્ટર ડો.શૈલા લલિયા દ્વારા શુભારંભ કરવામાંઆવ્યો હતો સાવરકુંડલામાં મહુવા રોડ ખાતે ડો.શૈલા લલિયાની નોવા ઈમેજીંગ સેન્ટર ડો.પીપળીયામાં દવાખાના નીચે શરૂ થતા આજે અલ્હાઝ સરકાર મુનીરબાપુ કાદરીના વરદ હસ્તે તેમનું ઉદ્ઘાટન થયેલું હતુ ને ડોકટરો અને શુભેચ્છકો દ્વારા ડો.શૈલા લલિયાના નોવા ઈમેજીંગ સેન્ટરને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.

### પ્રાકૃતિક કૃષિ પેદાશોના માર્કેટીંગ વેચાણ માટે વિવિધ રીત

# પ્રાકૃતિક ખેત ઉત્પાદનના માર્કેટીંગ માટેની વિવિધ રીતોની મદદથી ખેડુતો ખેત પેદાશોના પોષણક્ષમ સારા ભાવો પ્રાપ્ત કરી શકે

## ઓનલાઈન માર્કેટીંગ (ઈ-કોમર્સ) માધ્યમથી માર્કેટીંગ સહ વેચાણના વિકલ્પો



અમરેલી, તા. ૭

કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરી છે, આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિમાં કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક કૃષિ એ ગૌ આધારિત કૃષિ છે. સમગ્ર ગુજરાતમાં જગતના તાત એવાં ખેડુતો હવે પરંપરાગત કૃષિથી પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધી રહ્યા છે.

એક અંદાજ મુજબ અમરેલી જિલ્લાના ૩૧,૯૮૧ ખેડુતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચુકયા છે અને ઘર બેઠા જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે. પ્રાકૃતિક ખેત પેદાશોનું માર્કેટીંગ કેવી રીતે થાય ? અથવા તો કેવી રીતે કરી શકાય ? જો નહીં ? તો ચલો જાણકારી પ્રાપ્ત કરીએ.

સૌ પ્રથમ તો પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડુતોએ પોતાની કૃષિ પેદાશ માટે અને પ્રાકૃતિક કૃષિ માટે સર્ટિફિશનની પ્રક્રિયામાંથી પસાર થવાનું છે. માન્યતા પ્રાપ્ત પ્રાકૃતિક કૃષિ પેદાશનું માર્કેટીંગ કરવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા પકવવામાં આવેલ ખેત પેદાશોની ગુણવતા સારી હોવાના કારણે બજારમાં તેમના સારા ભાવો મળે છે.

પ્રાકૃતિક ખેત ઉત્પાદનના માર્કેટીંગ માટેની વિવિધ રીતો છે. આવો એ વિષયક જાણકારી પ્રાપ્ત કરીએ.

૧).વ્યકિતગત માર્કેટીંગ

પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે આ રીતે સરળ છે. વ્હોટસ એપ અથવા સ્થાનિક ચેલિફોન નેટવકર્સ જેવા પ્લેટફોર્મ્સ દ્વારા ગ્રાહક જુથો બનાવી શકાય છે. એ ગ્રાહકની માંગ મુજબ પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ સીધા જ ગ્રાહકોને કરી શકાય છે.

૨).નવીન માર્કેટીંગ પ્લટફોર્મ્સ

પ્રાકૃતિક ખેત પેદાશોના ઉપયોગ માટે ગ્રાહકોને આકર્ષી શકાય છે.સામાન્ય સ્થાનો,રસ્તાની બાજુઓ,ઓફિસો,ટ્રાન્સપોર્ટેશન હબ પર પોર્ટેબલ કેનોપીઝ સેટ કરીને ગ્રાહકોનું ધ્યાન આકર્ષી શકાય છે.માર્કેટીંગની આ પદ્ધતિ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડુતો પોતાની પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ વધારી શકે છે. ૩).કેપ્ટિવ આઉટલેટસ

જિલ્લા અને બ્લોક હેડકવાર્ટર રસ્તાની બાજુઓ વગેરે પર આઉટલેટસ સ્થાપવાથી વિવિધ ખેડુતો અથવા ઉત્પાદક સંગઠનો(FPO)પાસેથી એકત્ર કરાયેલ વધારાની પેદાશો વેચવામાં મદદ મળી શકે છે.

૪).ઓનલાઈન માર્કેટીંગ (ઈ-કોમર્સ)

બજાર વ્યવસ્થામાં ધણા પરિવર્તન છે.એમેઝોન, ફલીપકાર્ટ જેવા વિવિધ પ્લેટફોર્મ્સ ધૂમ મચાવી રહ્યા છે.ઈ-કોમર્સ એક બિઝનેસ તરીકે વિકસ્યું છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડુતો ખેત પેદાશોનું ગ્રાહકોને સીધુ માર્કેટીંગ અને વેચાણ કરવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ બનાવી શકે છે. પ્રોડકટના વેચાણ માટે આ રીતે અત્યારના સમયને ધ્યાનમાં રાખીને સૌથી વધુ અનુરૂપ છે.૫).ઓફલાઈન શોપ્સના માધ્યમથી માર્કેટીંગ સહ વેચાણ

વ્યૂહાત્મક સ્થળોએ કેનોપીઝ, કેપ્ટિવ આઉટલેટસ સાથે દુકાનોનો ઉપયોગ ગ્રાહકો સાથે સીધા જોડાણ માટે મહત્વનો વિકલ્પ સાબિત થઈ શકે છે. ગ્રાહકોને સીધા જ જોડી શકાય છે. માર્કેટીંગની આ રીતની મદદથી પ્રાકૃતિક ખેતી કરતાં ખેડુતો ઉત્પાદનની વિશિષ્ટતાને પ્રોત્સાહન આપી શકે છે

### ગાંધી અને સરદારની જન્મભૂમિમાં શિક્ષણની હાલત દયનીય

# ગુજરાત રાજયમાં માત્ર ૨૪ ટકા વિદ્યાર્થીઓ કોલેજ કે સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવે છે

## ધો. ૯ અને ધો. ૧૦ માં ડ્રોપઆઉટ રેશિયો ૧૭.૯ ટકા

અમદાવાદ, તા. ૭

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તાને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા પાર્થિવરાજ સિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજયની શિક્ષણ વ્યવસ્થા દિવસે અને દિવસે કથળતી જાય છે. કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા અપાયેલ એક અહેવાલ મુજબ ગુજરાત રાજયમાં શિક્ષણ ક્ષેત્રે ૧૮માં ક્રમે છે જે ગુજરાત મોડેલની પોલ ખોલે છે. નિતિ આયોગ દ્વારા "SustainableDevelopment Goal (SDG) India Index 2023-2024'' ના રિપોર્ટ સરકારની પોલ ખોલનારો છે. ગુજરાત રાજય જયારે ૨૦૧૮માં ફ્રન્ટ રનર્સ એટલે હાઈ પર્ફોમિંગ રાજયમાં હતું તે ધકેલાય અને ૨૦૨૪ માં પર્ફોમિંગ રાજયમાં આવી ગયું છે.

ગુજરાત રાજયના સેકન્ડરી શિક્ષણ કક્ષાએ ડ્રોપ આઉટ રેશિયો ૧૭.૯% છે જયારે દેશની સરેરાશ ૧૨.૬% છે. હાયર સેકન્ડરી શિક્ષણ વ્યવસ્થા એટલે ૧૧-૧૨ ધોરણમાં ગ્રોસ એનરોલમેન્ટ માત્ર ૪૮.૨% જયારે દેશની સરેરાશ ૫૭.૬%. ગુજરાત રાજયમાં હાયર એજયુકેશન એટલે કે સ્નાતક કક્ષાએ એનરોલમેન્ટ ૨૪ % જયારે દેશની સરેરાશ ૨૮.૪% છે. ગુજરાત રાજયમાં શિક્ષક - વિદ્યાર્થીનો જે રેશિયો ૨૯ વિદ્યાર્થીઓની સામે એક શિક્ષક છે, જે રાષ્ટ્રીય સરેરાશ મુજબ દેશમાં ૧૮ વિદ્યાર્થીઓ એક શિક્ષક છે.

ગુજરાત રાજયની શિક્ષણ વ્યવસ્થામાં સરકારને વ્યાપારીકરણ અને ખાનગીકરણમાં રસ છે જયારે શિક્ષણમાં સુધારો કરવામાં ઈચ્છાશકિત અભાવ દેખાય છે. મૃદુને મકકમ સરકારને શિક્ષણ ક્ષેત્રે મકકમતા કયાં જતી રહે છે તે ખબર નથી પડતી. ગુજરાત મોડેલના નામે ગુલબાંગો પૌકારનારી ગુજરાતની ભાજપ સરકાર શિક્ષણ ક્ષેત્રે સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે તે આ અહેવાલ દર્શાવે છે.

ગુજરાત રાજયમાં જેટલા બાળકો જન્મે છે તેમાંથી ૧૧ % જેટલા બાળકો શાળામાં પ્રવેશ નથી મેળવતા. જેટલા બાળકો સ્કુલ કક્ષાએ ભરતી થાય છે તેમાંથી માત્ર ૨૪% જેટલા ૧૮ થી ૨૩ વર્ષના વિદ્યાર્થીઓ સ્નાતક કે કોલેજ કક્ષાએ એડમીશન લે છે. સમગ્ર ગુજરાત એક સમયે શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશને બતાવતું હતું તેની પરિસ્થિતિ દારૂણ અને દુઃખદ છે. શિક્ષણના નામે માત્ર વહેપાર અને ધંધો બનાવનાર શિક્ષણ વ્યવસ્થાથી ગુજરાતના યુવાનો અને બાળકોનું ભાવી ચિંતાજનક છે. ગુજરાતની ભાજપ સરકાર જાગે અને શિક્ષણના સુધારની દિશામાં કામ કરે તેવો સમગ્ર ગુજરાતની જનતા માંગ કરી રહી છે.

### જંગમ મિલ્કતમાં તો દેશભરમાં બીજા નંબરે

# ગુજરાતમાં વક્ફ બોર્ડ પાસે છે અધધધ...સંપત્તિ

## કેન્દ્રની મોદી સરકાર વક્ફ બોર્ડની શક્તિઓ પર લગામ કસવા માટે સંસદમાં સંશોધન બિલ પસાર કરી શકે છે

અમદાવાદ, તા.૭

કેન્દ્ર સરકાર હવે વક્ફના કાયદામાં ફેરફાર કરવાની તૈયારીઓ કરી રહી છે. વક્ફ બોર્ડની શક્તિઓ પર લગામ કસવા માટે સંસદમાં સંશોધન બિલ પસાર કરી શકે છે. પ્રસ્તાવિત સંશોધનો હેઠળ વક્ફ બોર્ડના દાવાઓનું ફરજિયાત પણે વેરિફિકેશન કરાવવામાં આવશે. આ સાથે જ વક્ફની વિવાદિત સંપત્તિઓની પણ ખરાઈ કરાવવાની જરૂરી રહેશે. સંશોધન દ્વારા કેન્દ્ર સરકાર વક્ફ બોર્ડની અમાપ તાકાતને ખતમ કરવા માંગે છે. કોઈ પણ સંપત્તિને પોતાની સંપત્તિ કહેવાના તેના 'અનિયંત્રિત' અધિકારમાં કાતર ફરી શકે છે. હાલના અધિનિયમમાં ૪૦ સંશોધનનો પ્રસ્તાવ છે. પરંતુ શું તમને ખબર છે કે આખરે આ વક્ફ બોર્ડ શું છે અને તે કેવી રીતે કામ કરે છે અને આ સાથે જ ગુજરાત સહિત દેશમાં તેની કેટલી સંપત્તિ છે?

જમીન મામલે વક્ફ બોર્ડ સેના અને રેલવે બાદ ત્રીજી સૌથી મોટી સંસ્થા છે. શરૂઆતમાં મૂળ રીતે સમગ્ર ભારતમાં વક્ફ બોર્ડ પાસે લગભગ ૫૨ હજાર સંપત્તિઓ હતી. ગત વર્ષ ફેબ્રુઆરીમાં અલ્પસંખ્યક મંત્રાલયે લોકસભામાં વક્ફ બોર્ડની સંપત્તિઓની જાણકારી આપી હતી અને જણાવ્યું હતું કે મુસ્લિમોની આ સંસ્થા પાસે ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં કુલ ૮,૬૫,૬૪૬ અચલ સંપત્તિ હતી. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ મુજબ ૧૩ વર્ષમાં જ વક્ફ બોર્ડની સંપત્તિ બમણી થઈ ગઈ. ભારતમાં વક્ફ બોર્ડ પાસે ૨૦૦૯ સુધીમાં ચાર લાખ એકર જમીન પર ૩ લાખ રજિસ્ટર્ડ સંપત્તિઓ હતી અને આજની તારીખમાં આઠ લાખ એકરથી વધુ જમીન પર ૮,૭૨,૨૯૨ સંપત્તિઓ છે.

એક પ્રશ્ન એ પણ થાય કે આખરે ગુજરાતમાં વક્ફ બોર્ડની કેટલી સંપત્તિ છે? ત્યારે તમને જણાવી દઈએ કે જે માહિતી ઉપલબ્ધ છે તે મુજબ ગુજરાતમાં તેની સંપત્તિની સંખ્યા ૪૫ હજાર કરતા વધારે છે. જેમાં સ્થાવર સંપત્તિ જ ૩૯,૦૦૦ કરતા વધુ છે. જયારે બાકી જંગમ છે. આ મિલકતની જો કિંમત આંકીએ તો કરોડોમાં જાય. વક્ફ બોર્ડની આ સંપત્તિમાં માત્ર કબ્રસ્તાન, મદરેસા, મસ્જિદ જેવી સંપત્તિઓ જ નહીં પરંતુ રહેઠાણ, ખેતીની જમીનો, દુકાનો તળાવો, પ્લોટ વગેરે પણ સામેલ છે. ગુજરાતમાં વક્ફ બોર્ડની કુલ સંપત્તિ જોઈએ તો ૩૯,૯૪૦ છે જેમાંથી સૌથી વધુ અમદાવાદમાં ૧૫૪૨૫ સંપત્તિ, ત્યારબાદ સુરતમાં ૮૪૫૩, પછી ભરુચ ૪૧૬૩ મિલકત ધરાવે છે. જમીનની વાત કરીએ તો સૌથી વધુ ખેતી લાયક જમીન ૯૧૮ વક્ફ બોર્ડ ભરૂચ જિલ્લામાં ધરાવે છે.

ગુજરાતમાં વક્ફ બોર્ડ પાસે કુલ જે સંપત્તિ છે તેનું વર્ગીકરણ જોઈએ તો ૧૨,૩૯૫ ઘર, ખેતીલાયક જમીન ૩,૨૬૪, બિલ્ડિંગ ૬૫૩, દરગાહ કે મકબરા ૧,૭૩૪, ધાર્મિક શિક્ષણ પૂરું પાડતા દારૂલ ઉલુમ ૧૯, ઈદગાહ ૧૬૮, કબ્રસ્તાન, ૯૮૩, મદરેસા ૩૯૨, મસ્જિદ ૨,૯૯૯, પ્લોટ ૨,૨૩૫, શાળા ૨૨, દુકાન, ૬,૮૪૧ અને અન્ય મિલકતો જેમ કે તળાવ સહિત કુલ ૩૯,૯૪૦ સંપત્તિ ગુજરાત વક્ફ બોર્ડ પાસે છે.

મળતી માહિતી મુજબ વક્ફ બોર્ડ હેઠળ ગુજરાતના ૫ તળાવ છે જેને તેના દ્વારા મેનેજ થાય છે. આ ૫માંથી ૩ તળાવ અમદાવાદમાં જયારે ૨ તળાવ સુરતમાં આવેલા છે. ગુજરાતભરમાં થઈને બોર્ડ પાસે ૧૨,૩૯૫ રહેઠાણો છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં છે અને ત્યારબાદ સુરત, ભરૂચ અને કચ્છમાં છે. જયાં ક્રમશઃ ૬૪૫૧, ૩૩૭૩, ૮૫૧, ૪૨૪ રહેઠાણ છે. પ્લોટની વાત કરીએ તો વક્ફ બોર્ડ અધિકૃત રીતે ગુજરાતમાં ૨,૨૩૫ પ્લોટ ધરાવે છે. જેમાં સૌથી વધુ સુરતમાં ૭૦૦ પ્લોટ છે. ત્યારબાદ ૬૯૪ ભરૂચમાં અને વડોદરામાં ૨૯૩ પ્લોટ છે.

અમદાવાદમાં વક્ફ બોર્ડ પાસે સૌથી વધુ ૧૫,૪૨૫ સંપત્તિ નોંધાયેલી છે જેમાં ૬,૪૫૧ ઘર, ખેતીલાયક જમીન ૧૨૫, બિલ્ડિંગ ૪૯૯, મકબરા કે દરગાહ ૪૬૪, ૪ દારૂલ ઉલુમ, ઈદગાહ ૫, ૪૯ મદરેસા, ૮૦૮ મસ્જિદ, ૧૪૩ પ્લોટ, ૭ શાળા, ૪,૪૫૦ દુકાનો અને અન્ય ૨,૩૦૧ થઈને કુલ ૧૫,૪૨૫ સંપત્તિ છે. જ્યારે સુરતમાં જે ૮૪૫૩ સંપત્તિ છે તેમાં ૩૩૭૩ ઘર, ૩૫૪ મસ્જિદ, ૭૦૦ પ્લોટ, ખેતીલાયક જમીન ૭૧૪, બિલ્ડિંગ ૬૫, દરગાહ અને મકબરા ૧૭૯, કબ્રસ્તાન ૧૬૫, ૭૦૦ શાળાઓ સામેલ છે. ગુજરાતમાં અમદાવાદ અને સુરત બાદ સૌથી વધુ બોર્ડની સંપત્તિ ભરૂચમાં છે. વક્ફ બોર્ડ ભરૂચમાં ૪૧૬૩ સંપત્તિ ધરાવે છે જેમાં ૯૧૮ ખેતીલાયક જમીન, ૮૫૧ ઘર, મકબરા અને દરગાહ ૫૯, જ્યારે ૬૪ મદરેસા, ૮૭ કબ્રસ્તાન, ૨૧ બિલ્ડિંગ, એક દારૂલ ઉલુમ, ૬૯૪ પ્લોટ, ૭ શાળાઓ, ૨૧૧ દુકાન સહિત સંપત્તિ સામેલ છે.

દેશભરમાં વક્ફ બોર્ડની જે સ્થાવર મિલ્કતો છે તેમાં ગુજરાત ૩૯૯૪૦ મિલ્કતો સાથે આઠમા ક્રમે છે. પ્રથમ ક્રમે ૨૩૨૫૪૭ સંપત્તિ સાથે યુપી છે. જયારે ૮૦૪૮૦ મિલકતો સાથે પશ્ચિમ બંગાળ બીજા નંબરે છે. ૭૫૯૬૫ મિલ્કતો સાથે પંજાબ ત્રીજા ક્રમે, ૬૬૦૯૨ મિલકતો સાથે તમિલનાડુ ચોથા ક્રમે, ત્યારબાદ ૬૨૮૩૦ મિલકતો સાથે કર્ણાટક આવે છે. ૫૩૨૭૯ મિલકતો સાથે કેરળ છઠ્ઠા ક્રમે, ૪૫૬૮૨ મિલકતો સાથે તેલંગણા સાતમે ક્રમે અને ગુજરાત ૩૯૯૪૦ મિલકતો સાથે આઠમા ક્રમે આવે છે.

વક્ફ બોર્ડની જંગમ મિલ્કત જોઈએ તો ગુજરાત દેશભરમાં બીજા નંબરે આવે છે. જેમાં સૌથી વધુ ૮૬૦૫ મિલ્કત તમિલનાડુમાં છે જયારે ૫૪૧૮ મિલ્કતો ગુજરાતમાં છે. ત્યારબાદ કર્ણાટકમાં ૧૮૦૧ મિલ્કત છે. સમગ્ર દેશમાં વક્ફ બોર્ડ કુલ ૧૬૭૧૨ જંગમ સંપત્તિ ધરાવે છે.

વક્ફ એક અરબી શબ્દ છે જે વકુફાથી બનેલો છે અને તેનો અર્થ છે 'થોભવું'. ઈસ્લામમાં વક્ફનો અર્થ પોતાની કોઈ ચીજ લોકોની મદદ માટે આપી દેવું એમ થાય છે. આ એક પ્રકારનું દાન હોય છે. જે લોકો ઈસ્લામ ધર્મમાં માને છે જેમ કે કોઈ મુસલમાન પોતાની જમીન કે ઘર લોકોની ભલાઈ માટે આપી શકે છે. આ ચીજો પછી વક્ફ બોર્ડ પાસે જતી રહે છે અને બોર્ડ આ ચીજોથી આવનારા પૈસાથી ગરીબો કે જરૂરિયાતવાળાને મદદ કરે છે.

ભારતમાં વક્ફ બોર્ડની રચના એક તબક્કાવાર પ્રક્રિયા રહી છે અને તેના માટે કોઈ એક નિશ્ચિત વર્ષ જણાવી શકાય નહીં. તે વિવિધ રાજયોમાં અલગ અલગ સમય પર થઈ હતી. ભારતમાં કેન્દ્રીય સ્તર પર વક્ફ પરિષદની રચના ૧૯૬૪માં થઈ હતી. જે અલ્પસંખ્યક મંત્રાલય હેઠળ કામ કરે છે. વિવિધ રાજ્યોમાં વક્ફ બોર્ડોની રચના અલગ અલગ કાયદા અને સમય મુજબ થઈ છે. મોટાભાગના રાજ્યોમાં વક્ફ બોર્ડની રચના ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં થઈ હતી. વક્ફ બોર્ડની રચના ભારતમાં મુસ્લિમ સમુદાય માટે એક મહત્વપૂર્ણ પગલું હતું. વક્ફ બોર્ડ એક સરકારી સંસ્થા છે જે મુસ્લિમ સમુદાયના હિતોની રક્ષા કરે છે. વક્ફ બોર્ડની રચના મુસ્લિમ સમુદાય દ્વારા દાન કરાયેલી સંપત્તિને વ્યવસ્થિત રીતે મેનેજ કરવા માટે કરાઈ હતી. વક્ફ બોર્ડનો હેતુ વક્ફ સંપત્તિને અતિક્રમણ અને દુરઉપયોગથી બચાવવા માટે, વક્ફ સંપત્તિથી થનારી આવકને ધાર્મિક અને સામાજિક કાર્યોમાં લગાવવાનો છે. વક્ફ બોર્ડનું કામ વક્ફ સંપત્તિથી સંબંધિત વિવાદોની પતાવટનું છે. વક્ફ બોર્ડ સમયાંતરે વિવાદોમાં પણ રહે છે, ખાસ કરીને વક્ફ સંપત્તિ સંલગ્ન વિવાદો અંગે હંમેશા વિવાદ રહ્યો છે.

### જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે "હર ઘર તિરંગા" કાર્યક્રમના સુચારૂ આયોજન સંદર્ભે બેઠક યોજાઇ

## જિલ્લા કક્ષાએ રાષ્ટ્રભકિતના અનેકવિધ રચનાત્મક કાર્યક્રમ યોજાશે




અમરેલી, તા. ૭

દેશના સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે સમગ્ર દેશ, રાજય અને અમરેલી જિલ્લો દેશભક્તિના રંગે રંગાશે. સમગ્ર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નાગરિકો ઘરે ઘરે તિરંગો લહેરાવે તે માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા.૮ થી તા.૧૪ ઓગસ્ટ દરમિયાન ગ્રામ્ય, નગરપાલિકા અને તાલુકા કક્ષાએ અનેકવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા અને તાલુકાના અધિકારીઓને માર્ગદર્શન આપવાના હેતુથી અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારી અને તાલુકાના સર્વે અધિકારીશ્રીઓને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટરે કહ્યુ કે, આગામી સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે ગત વર્ષની જેમ 'હર ઘર તિરંગા' અભિયાન યોજાશે. આગામી તા.૮ થી તા.૧૦ ઓગસ્ટ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવાના રહેશે. જેમાં ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, દેશભક્તિ આધારિત ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાશે. ગ્રામ્ય કક્ષાએ પ્રભાતફેરી, તિરંગા યાત્રા જેવાં અનેકવિધ કાર્યક્રમો યોજવાના રહેશે. તા.૧૧ ઓગસ્ટના રોજ નગરપાલિકા કક્ષાના કાર્યક્રમમાં તરિંગયાત્રા યોજાશે. પદાધિકારીઓ, સામાજિક સંસ્થાઓ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, નાગરિકો, તમામ કચેરીના અધિકારીઓ, કર્મયોગીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ, જવાનો, સખી મંડળો, આંગણવાડીના બહેનો, આશા વર્કરો, જોડાશે. જે-તે વિસ્તારના આઈકોનિક સ્થળોને આવરી લેવામાં આવશે. તા. ૧૨ ઓગસ્ટના રોજ તાલુકા કક્ષાના કાર્યક્રમ યોજાશે.

સંભવતઃ તા.૧૩ ઓગસ્ટે અમરેલી ખાતે એક તિરંગા બાઈક રેલી યોજાશે, આગામી સમયમાં તે અંગે વિગતો જાહેર થશે. તા.૧૪ ઓગસ્ટના રોજ અમરેલી ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ થશે, જેમાં પદાધિકારીઓ સાથે જિલ્લાની મુખ્ય મથકની તમામ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ પોલીસ જવાનો, પોલીસ ઘોડેસવારો, હોમગાર્ડના જવાનો સાથે નગરજનોને જોડી અને સામાજિક સંસ્થાઓ, સ્પોર્ટ્સ ડ્રેસમાં સજ્જ રમતવીરો, પારંપારિક પોષાકમાં સજ્જ કલાકારો, યોગ બોર્ડના તથા યુવક બોર્ડના સભ્યો, સખી મંડળો, સહકારી મંડળના સભ્યો, આઈકોનિક વ્યક્તિઓને જોડાશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમ અંગર્તગ 'હર ઘર તિરંગા' 'તિરંગા મેળા' અંતર્ગત કુટિર ઉદ્યોગોની પ્રદર્શની અને દેશભક્તિથીમની ફિલ્મનું નિદર્શન પણ યોજાશે.

તિરંગા યાત્રાના રૂટ પર સ્વચ્છતા અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કલેક્ટરએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ, તાલુકા વિકાસ અધિકારીઓને તાલુકા કક્ષાના કાર્યક્રમો સંબંધે જઢરી કાર્યવાહી કરવા માટે સૂચના આપી હતી. જિલ્લાના નાગરિકોને આ કાર્યક્રમમાં હર્ષભેર જોડાવા માટે જિલ્લા કલેક્ટરએ અનુરોધ કર્યો હતો.


જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંઘે કહ્યુ કે, જિલ્લાકક્ષા તિરંગા યાત્રામાં પોલીસ બેન્ડ અને ઘોડેસવાર જવાનો તેમજ પોલીસના રાઈડર્સ સહભાગી થશે. આ સાથે પોલીસ જવાનો અને પોલીસ અધિકારીશ્રીઓને પણ આ યાત્રામાં જોડાશે.

'હર ઘર તિરંગા' કાર્યક્રમ દરમિયાન જિલ્લાની કચેરીઓ પર, સહકારી ખાનગી સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને નાગરિકોના ઘરો પર તિરંગો લહેરાય તે માટે નાગરિકોને જોડવા માટે જિલ્લા કલેક્ટરએ અધિકારીઓને દિશાનિર્દેશ કર્યા હતા. સરકારી ઈમારતો રોશનીથી ઝળહળી ઉઠશે.આ ઉપરાંત બગસરામાં જિલ્લા કક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થવાની હોવાથી બગસરા ખાતે વિશેષ ઉત્સાહ સાથે આ કાર્યક્રમ નગરપાલિકા કક્ષાએ ઉજવવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કલેક્ટરએ માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન તિરંગા સેલ્ફી, તિરંગા યાત્રા, શાળાઓમાં વકતૃત્વ, ચિત્ર તેમજ રંગોળી સ્પર્ધાઓની તસવીરો 'હર ઘર તિરંગા' વેબસાઈટ પર અચૂક અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા પણ જિલ્લા કલેક્ટરએ સૂચના આપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી નિયામક, પ્રાંત અધિકારી અમરેલી, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રાંત અધિકારી સર્વ, જિલ્લાની વિવિધ કચેરીના વડાઓ, તાલુકા મામલતદાર સર્વ, તાલુકા વિકાસ અધિકારી સર્વ અને જિલ્લા તેમજ તાલુકા કચેરીઓના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આવતીકાલે શુક્રવારના રોજ

# અમરેલી : ગોવર્ધનનાથજી હવેલી ખાતે પૂ.વિઠ્ઠુબાવાશ્રીનો પ્રાગટય ઉત્સવ ઉજવાશે



અમરેલી તા.૭

અમરેલીના કેરીયા રોડ ઉપર આવેલ શ્રી ગોવર્ધન નાથજી હવેલી ખાતે આગામી તા.૯ શુક્રવારના રોજ નિ.લી.પૂ.પા.ગો.૧૦૮ શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (પૂ.વિઠ્ઠુબાવાશ્રી)નો પ્રાગટય ઉત્સવ ખુબ જ ધામધુમપુર્વક ઉજવવામાં આવશે. તો આ અલૌકિક શ્રીહરિ, ગુરૂ અને વૈષ્ણવના ત્રિવેણી સંગમ સમા ઉત્સવમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયા છે.

આગામી તા.૯ શુક્રવારના રોજ અલૌકિક મનોરથ પલના/નંદ મહોત્સવ સવારે ૧૦ કલાકે, ગુલાબના હિંડોળા સાંજના ૬:૩૦ કલાકે, વધાઈ કીર્તન/ભગવત ગુણાનુંવાદ સાંજના ૭ કલાકે, નિ.લી.પૂ.પા.ગો.૧૦૮ શ્રી વઠ્ઠલેશરાયજી મહારાજશ્રીના ચિત્રજીને તિલક તથા કેસર સ્નાન સાંજના ૭:૧૫ કલાકે, પૂ.આપશ્રીના વચનામૃત સાંજના ૭:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આ તમામ ઉત્સવમાં સર્વે વૈષ્ણવોને ઉપસ્થિત રહેવા શ્રી ગોવર્ધન નાથજી હવેલી તરફથી આમંત્રણ અપાયા છે.

### શિવ ભકતોએ આસ્થાભેર કરી માંગ

# દામનગરની મધ્યમાં આવેલ શ્રી વૈજનાથ મહાદેવ મંદિરની સુવિધામાં વધારો કરો

## ધારાસભ્ય તળાવીયા ગ્રાન્ટની ફાળવણી કરે તે જરૂરી



દામનગર, તા.૭

દામનગર શહેરની મધ્યમાં આવેલ ૩૦૦ વર્ષથી વધુ સમય પહેલા સ્થપાયેલ શ્રી વૈજનાથ મહાદેવ મંદિરનો ઈતિહાસ ખુબજ પૌરાણિક છે. વરસો પહેલાં જીર્ણોદ્ધાર સમયે પુ.ડોગરેજી મહારાજ દર્શન કરવા માટે પધાર્યા હતા. ૪૫ વર્ષ પહેલા પુ.મોરારિબાપુએ કથાનું રસપાન કરાવ્યું હતું. આ મંદિરના પરિસરમાં આવેલા પીપળાના વૃક્ષને પુજવામાં આવે છે. ભાદરવી અમાસના દિવસે શ્રદ્ધાળુઓ પિતૃઓના મોક્ષાર્થે જળ રેડીને શાંતિનો અનુભવ કરે છે.તેમજ હિન્દુ પરિવારો પોતાનાં પરિવારનાં સ્વર્ગસ્થ સ્વજનના આત્માનાં કલ્યાણ અને મોક્ષ માટે પિતૃ તર્પણ કરવા આ સ્થળે વિધિ કરવા માટે આવે છે. આ મંદિરના પુજારી મનુગુરી બાપુના જણાવ્યા મુજબ આ સ્થળે પીપળ ાની ફરતે આસપાસની જગ્યામાં ચીકણી માટી હોવાનાં કારણે પિતૃ તર્પણ કરવા અને પાણી રેડવા આવતા શ્રદ્ધાળુઓને બેસવા અને ઉભા રહેવામાં ખુબજ તકલીફ પડતી હોય, સ્થાકિ તંત્ર, ધારાસભ્ય અને સાંસદે આ ધાર્મિક સ્થળનું નિરીક્ષણ કરી જરૂરીયાત મુજબ પેવર બ્લોક ફીટ કરાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે, અને શ્રદ્ધાળ ુઓને સંતોષ થાય એવી લાગણી સભર નોંધ લઈ યોગ્ય કરવામાં આવે તેવી પ્રાર્થના સાથે આશા છે.

# બાબરામાં તાલુકા કક્ષાનો ૬૮મો રમતોત્સવ પંચશીલ સ્કૂલમાં યોજાયો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં તાલુકા કક્ષાએ એસજીએફઆઈ શાળાકીય રમતોત્સવની ઉજવણી અહીં પંચશીલ સ્કૂલ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં બાબરા તાલુકાના પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વોલીબોલ, કબડી, ખોખો સહિત એથ્લેટીકસ રમતોમાં વિદ્યાર્થી ભાઈઓ–બહેનો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલુકામાં રમતોમાં તેમજ એથ્લેટીકસ ગેમમાં પ્રથમ નંબરે અને દ્વિતીય નંબરે આવનાર વિદ્યાર્થીઓને કન્વીનર ચિરાગભાઈ પાટડીયા, પંચશીલ સ્કૂલના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર અને કેમ્પસ ડાયરેકટર સંજયભાઈ પરમાર દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. તાલુકા કક્ષાએ પ્રથમ અને બીજો નંબર પ્રાપ્ત કરનાર શાળા આગામી દિવસોમાં જીલ્લા કક્ષાએ ભાગ લેવા જશે.

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરામાં ટીઆરબી જવાનો

મુકવામાંઆવેતો મહદઅંશે આ શહેરની માથાના દુઃખાવા સમાન ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવે. જયારે લોકો અહીંયા રસ્તા ઉપર જ પોતાના વાહનો રાખીને જતા રહેતા હોય છે. જેના લીધે ટ્રાફિકજામનો પ્રશ્ન કાયમ માટે રહેતો હોય છે. તો આવા રસ્તા ઉપર રાખેલ વાહનોને દંડની જોગવાઈ કરે અને કુંકાવાવ નાકાથી પોલીસ સ્ટેશન સુધીનો રોડ વન–વે હોવા છતાં ભારે વાહનો પણ અહીંયાથી ચાલતા હોય છે. તો આવા વાહનો ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે તો ટ્રાફિકથી ત્રાસ પામેલા લોકોને શાંતિ મળે.

જયારે હાલમાં ચાલી રહેલા શ્રાવણ માસ દરમિયાન ભાવિકો મોટા પ્રમાણમાં દર્શન કાજે જતા હોય છે અને આવનારા તહેવારો જેવા કે સાતમ–આઠમ જેવા તહેવારો નજીકના દિવસોમાં આવી રહેલ હોય અને શહેરમાં મેળામાં લોકો આજુ બાજુના ગામોમાંથી આવતા હોય છે. ત્યારે લોકો વધારે પડતાં વાહનો લઈને પસાર થતા હોય છે ત્યારે આ ટ્રાફિકની સમસ્યા ઘટવાને બદલે વધવાની સંભાવના વધી રહેલ છે. તો ફરજ પરના અધિકારી દ્વારા સરખી રીતે નોકરી કરતા હોઈ તેને મુકવામાં આવે તો ટ્રાફિકની સમસ્યામાં નિયંત્રણ આવે.

## અવસાન નોંધ

**અમરેલી :** મધુબેન જીવનલાલ મેજપરા (ઉ.વ. ૮૩) (નિવૃત્ત સબ રજીસ્ટાર) તે શૈલેષભાઈ, નિલેષભાઈ, નિતાબેન, દીપાબેનના માતાનું તા. ૬નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૮ ને ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ કલાક સુધી તેમના નિવાસ સ્થાન "શૈલ નીલ" સરદાર નગર શેરી નં. ૩, ચકકરગઢ રોડ અમરેલી ખાતે રાખેલ છે.

**અમરેલી:** દેવભૂમિ દેવળીયા (તા.અમરેલી), નિવાસી:સાઠોદરા નાગદ બ્રાહ્મણ મંજુલાબેન બાલકૃષ્ણભાઈ કવિશ્વર (ઉ.વ. ૮૪) તે ભરતભાઈ કવિશ્વર (નિવૃત એસટી કંડેકટર) ના માતુશ્રી, વિનીત, યશના દાદીમાંનુ અવસાન થયેલ છે. સદગતની અંતિમયાત્રા તા.૮ને ગુરૂવારે સવારે ૮ કલાકે દેવભૂમિ દેવળીયા (તા.જિ.અમરેલી) ખાતે તેમના નિવાસ સ્થાનેથી રાખેલ છે. સદગતનું બેસણુ તા.૯ને શુક્રવારે આખો દિવસ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૫ | ૧૧૪૬ |
| ૨ | શિંગ મોટી | ૯૫૦ | ૧૧૭૧ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૫ | ૧૫૦૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૫૧ | ૧૪૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૮૬૦ | ૨૫૭૦ |
| ૬ | તલ કાળા | ૩૦૫૦ | ૩૫૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૦૦ | ૩૫૧૦ |
| ૮ | બાજરો | ૪૫૫ | ૫૦૬ |
| ૯ | જુવાર | ૭૫૨ | ૭૫૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૦૪ | ૫૯૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૭૨ |
| ૧૨ | ચણા | ૧૩૧૫ | ૧૩૭૬ |
| ૧૩ | કપાસ | ૮૭૦ | ૧૫૪૮ |
| ૧૪ | એરંડા | ૯૧૫ | ૧૧૪૨ |
| ૧૫ | મેથી | ૧૦૫૫ | ૧૦૯૯ |
| ૧૬ | સોયાબીન | ૮૨૧ | ૮૨૪ |
| ૧૭ | રજકાનું બી | ૫૨૦૦ | ૫૨૦૦ |
| ૧૮ | કાંગ | ૧૦૩૮ | ૧૦૩૮ |

## સાવરકુંડલા પાલિકાના પૂર્વ પ્રમુખ રાજુભાઈ દોશીનો આજે જન્મ દિવસ



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલાના નગર પાલિકાના બે ટર્મ પ્રમુખ રહેલ સતત ૧૦ વર્ષ સાવરકુંડલા નાગરિક બેંકના એમ.ડી. પ્રમુખ રહેલ રાજુભાઈ દોશીનો આજે તા. ૮/૮/૨૪ના રોજ જન્મ દિવસ છે.

હાલ સાવરકુંલા વેપારી મંડળના પ્રમુખ ત્યાં નવનાત યાત્રીક સમાજના પ્રમુખ તરીકે જવાબદારી નીભાવી રહ્યા છે.

નગરપાલિકા, નાગરિક બેંક, વેપારી મંડળ, પત્રકાર સંઘ વગેરે સંસ્થામાં સફળ સેવા બજાવી શહેરમાં જાહેર જીવનનાં સફળ સુકાની તરીકેની છાપ ધરાવે છે.

માત્ર શહેર જીવન જ નહિ પરંતુ શહેરના સૌથી સફળ બીજનેશમેન તરીકે ઉપસી આવ્યા છે. જૈન સમાજ જેવી નાની જ્ઞાતીમાં જન્મેલ એકલવીર એકયુરેટ ઓટો એજન્સી (હિરો ટુ વ્હીલર), એકયુરેટ ઈલેકટ્રોનિકસ મોલ્ટ, એકયુરેટ ફર્નીચર મોલ, એકયુરેટ પેટ્રોલપંપ ત્થા એકયુરેટ બીલ્ડરનાં પણ સુકાની છે.

રાજુભાઈની સફળ જાહેર જીવનની ત્યાં સફળ બીજનેસની સફળતાનું કારણ તેઓ શહેર ત્થા તાલુકાની જનતાના પ્રેમને આભારી સમજે છે.

સામાજીક ત્થા શારિરીક અનેક સમસ્યાનો સામનો કરી અડીખમ ઉભેલા રાજુભાઈ દોશીનાં મો.નં. ૯૮૭૯૫ ૮૦૬૯૦ પર અભિનંદન વર્ષી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલાના વીરડી ગામે

૨/૭/૨૦૨૨ના રોજ પોતાના પિતાની દુકાને એકલી બેઠી હતી. ત્યારે તે જ ગામે રહેતા આરોપી આરીફ દાઉદભાઈ તથા નરેશ સુરેશભાઈ ચાવડા નામનાં બે શખ્સોએ આવી તરૂણીની પજવણી કરી હતી. આ બનાવ અંગે જે તે સમયે તરૂણીના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગેનો કેસ સાવરકુંડલા સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ વિકાસભાઈ વડેરાની ધારદાર દલીલને ધ્યાને લઈ સાવરકુંડલા સ્પે.પોકસો કોર્ટના જજ શ્રી શેઠી દ્વારા આરોપી આરીફ દાઉદભાઈ તથા નરેશ સુરેશભાઈ ચાવડા નામનાં બે શખ્સોને આઈ.પી.સી.૩૫૪ (એ) તથા પોકસો ૧૨ તથા ૧૭ માં કસુરવાન ઠરાવી ૨ વર્ષની કેદ અને રૂપિયા ૧૦ હજારના દંડની સજાનો કોર્ટે હુકમ કર્યો હતો.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૯૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૧૧ | ૧૨૦૦ |
| ૩ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૪૫ |
| ૫ | જીરૂ | – | ૪૬૦૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૬૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૬ |
| ૯ | બાજરો | ૪૧૫ | ૫૧૩ |
| ૧૦ | જુવાર | ૩૫૦ | ૬૯૭ |
| ૧૧ | મગ | ૧૦૦૧ | ૧૬૧૧ |
| ૧૨ | ચણા | ૧૨૧૧ | ૧૪૦૦ |
| ૧૩ | મેથી | ૧૧૫૦ | – |
| ૧૪ | સોયાબીન | ૭૧૬ | ૭૭૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી માર્કેટયાર્ડનાં વેપારીઓ

ખરીદ કરેલ છે તેમજ ગત વર્ષમાં શરૂ કરેલ મરચાની હરરાજીમાં પણ ખૂબ જ સારી એવી સફળતાને ધ્યાને લઈને જેતપુર, રાજકોટ, ગોંડલ તેમજ બહારનાં રાજયો જેવા કે રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટકનાં વેપારીઓ દ્વારા આપણાં માર્કેટયાર્ડમાં દુકાન ખરીદ કરીને માલની ખરીદી માટે આવેલ છે. જેથી આવતાં દિવસોમાં ખેડૂતોને જણસીઓનાં સારા ભાવો પણ મળશે અને માર્કેટયાર્ડ પણ ખૂબ જ પ્રગતિ કરશે જેમાં કોઈ શંકાને સ્થાન નથી. આમ માર્કેટયાર્ડનાં સેક્રેટરી તુષાર હપાણીની યાદીમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૬૭ | ૧૫૨૩ |
| ૨ | જીરૂ | ૪૫૨૫ | ૪૭૨૫ |
| ૩ | ઘઉં | ૪૬૫ | ૪૮૫ |
| ૪ | તલ સફેદ | ૨૨૪૫ | ૨૪૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૨ | ચણા | ૧૧૧૫ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૦૯ | ૫૪૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૭ | ૫૩૭ |
| ૫ | સોયાબીન | ૭૯૧ | ૮૧૫ |
| ૬ | તલ સફેદ | ૨૩૬૫ | ૨૩૬૫ |
| ૭ | ધાણા | ૧૨૫૦ | ૧૨૯૦ |
| ૮ | મગફળી | ૧૦૦૦ | ૧૦૨૫ |
| ૯ | શીંગદાણા | ૧૨૩૫ | ૧૨૩૫ |

નાયબ દંડક કૌશિક વેકરીયાએ વીજ અધિકારી સાથે બેઠક કરી

## અમરેલી, વડિયા, કુંકાવાવનાં લો–વોલ્ટેજ સહિતનાં વીજ પ્રશ્નો દુર કરવા સુચના અપાઈ

### જનતાના પ્રશ્નોનું યુધ્ધના ધોરણે નિરાકરણ જરૂરી

અમરેલી, તા.૭

અમરેલી– વડિયા– કુંકાવાવના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ વડિયા તાલુકા અને અમરેલી તાલુકામાં લોકદરબાર યોજી અને જનતાના પ્રશ્નોનું સમાધાન લાવવા માટે એક પહેલ કરી હતી. આ લોક દરબારમાં વડિયા અને અમરેલી તાલુકાની જનતાને વીજ પ્રશ્નોની કેટલીક રજુઆતો કરી હતી. વીજળી અને ઉર્જાના ક્ષેત્રે ગુજરાત મોડલના દેશરભરમાં વખાણ થતા હોય ત્યારે કેટલીક નાની નાની સમસ્યાઓના કારણે જનતાને થતી પરેશાન અને ટેકનીકલ સમસ્યાઓનું સમાધાન આવે તેવા હેતુથી નાયબ મુખ્ય દંડકે વીજ કચેરી ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. વડીયા તથા અમરેલી ખાતે



યોજાયેલ તાલુકાના લોક દરબારમાં જુદા જુદા ગામનોના લોકો દ્વારા લો વોલ્ટેજ, ટ્રાન્સફોર્મર ખસેડવા, સ્ટ્રીટ લાઈટના તાર બદલવા, મકાન નજીકથી પસાર થતો ઈલેકટ્રીક લાઈનો ખસેડવા, રીપેરીંગ સમયે કટ આઉટ સ્વીચ નાખવી, નવા ઘર વપરાશના કનેકશનનો ઝડપથી આપવા સહિતના મુદે કડક સુચના આપવામાં આવી.

અમરેલી જિલ્લો જયોતિગ્રામ જેવી લોકપ્રિય યોજનાનો લાભાર્થી હોય ત્યારે અમરેલીમાં આ પ્રકારના પ્રશ્નોનું સમાધાન આવે અને વહેલી તકે નિરાકરણ આવે તે માટેની સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૮૯ | ૫૩૯ |
| ૨ | ચણા | ૧૨૫૧ | ૧૨૭૧ |
| ૩ | ધાણા | ૧૨૦૦ | ૧૨૬૫ |
| ૪ | શીંગ ફાડા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૫ | સોયાબીન | ૭૭૬ | ૮૧૦ |
| ૬ | તુવેર | ૨૦૭૧ | ૨૦૭૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૭૬૬ | ૨૪૪૦ |
| ૨ | કપાસ | ૧૩૭૧ | ૧૩૭૧ |
| ૩ | બાજરો | ૪૫૦ | ૫૨૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૬૦ |
| ૫ | જુવાર | ૬૫૦ | ૭૪૫ |
| ૬ | ચણા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૭ | શીંગદાણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૮ | સોયાબીન | ૮૨૬ | ૮૨૬ |

# લાઠી ખાતે ધારાસભ્ય તળાવીયાના અધ્યક્ષસ્થાને મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી






લાઠી તાલુકા શાળા ખાતે ૧લી ઓગષ્ટથી ૮મી ઓગષ્ટ દરમ્યાન રાજયસરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં નારી વંદન ઉત્સવ સપ્તાહ કાર્યક્રમ ઉજવાય રહ્યો છે. જે અંતર્ગત ૫ ઓગષ્ટના દિવસને મહીલા નેતૃત્વ દીવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. જેની ઉજવણી નિમિત્તે લાઠી ખાતે તાલુકા શાળામાં ગ્રામ્ય કક્ષાની બાલિકા પંચાયતની દીકરીઓ હાજર રહી હતી. જે બાલિકાઓ પૈકી તાજપર ગામના બાલિકા સરપંચ કુ. ધ્રુવિબેન વિજયભાઈ બારડ તેમજ લાઠીની બાલિકા (એચ.બી.) કિવન કુ. મેર બંસી જોગાભાઈને મોમેંટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની સાથે સાથ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ અમરેલી જિલ્લામાં વિવિધ શ્રેત્રોએને તૃત્વ કરી રહેલ નારી શક્તિનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા બાલિકાઓનું આરોગ્ય ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તાલુકા પંચાયતના ઈન્ચાર્જ પ્રમુખ રાકેશભાઈ સોરઠીયા, તાજપર ગામના સંરપચ વિજયભાઈ બારડ તેમજ મહિલા અને બાળવિકાસ વિભાગ અમરેલીના અધિકારી મનીષાબેન, લાઠી સી.ડી.પી.ઓ. કાશ્મીરાબેન ભટ્ટ સહિત કર્મચારીઓ, આંગણવાડી વર્કર તેમજ બહોળી સંખ્યામાં ગ્રામ્ય તેમજ શહેરી કક્ષાએથી બાલિકાઓ હાજર રહી હતી તેમજ ધારાસભ્ય દ્વારા કાર્યક્રમનું આયોજન કરનાર તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# અમરેલીનાં બાર એસો.નાં મંત્રી જે.આર. વાળાનાં જન્મ દિવસની ઉજવણી



અમરેલીનાબારએસોસિએશનનાંમંત્રીએડવોકેટજે.આર.વાળાનાજન્મદિવસનીસોમવારેઉજવણીકરવામાંઆવીહતી.વકીલમંડળનાલાડકવાયાસેક્રેટરીજે.આર.વાળાનીજન્મદિનનીશુભેચ્છાઓઆપતાકોર્ટનાપ્રમુખ,બારએસોસિએશનનાતમામહોદેદારોતથાવકીલઓતમામહાજરરહયાહતા.તેમજઅમરેલીનાં વડીલોએ "બૂકે" અર્પણ કરી અને શાલ ઓઢાડીને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત નિવેદન

## નાના ધંધા, રોજગાર કરનાર માટે સરકારે માનવ કલ્યાણ યોજના કાર્યરત કરી

### ઓજારોની ખરીદી માટે ઈ-વાઉચર અપાશે

અમરેલી, તા. ૭

સમાજના દરેક વ્યકિતના આર્થિક ઉપાર્જન માટે અનેકવિધ નવતર પહેલોના માધ્યમથી ગુજરાતે બહુઆયામી વિકાસનો સુદ્રઢ ચીલો ચાતર્યો છે. ગુજરાતમાં નાના ધંધા-રોજગાર કરતા આર્થિક રીતે નબળા વર્ગનાં કારીગરોને સ્વનિર્ભર બનાવવા માટે રાજય સરકાર દ્વારા માનવ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગાર ઉભા કરવા માટે ઓજારો અને સાધનોની ટૂલકીટ આપવામાં આવતી હતી. રાજય સરકારે આ યોજનાને વધુ લોકઉપયોગી અને પારદર્શક બનાવવા માટે નાના કારીગરોના સૂચનોને ધ્યાને રાખીને તેમાં જરૂરી સુધારા કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકારે સંવર્ધિત ' 'માનવ કલ્યાણ યોજના ૨.૦'' અમલમાં મૂકી છે.

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે યોજના અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, માનવ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારી માટે નાના ધંધા કરતા કારીગરોને રાજય સરકાર દ્વારા સાધન-ઓજારની ટૂલકીટ આપવામાં આવતી હતી. જયારે સુધારેલી માનવ કલ્યાણ યોજના ૨.૦ અંતર્ગત લાભાર્થીઓ પોતાના મનપસંદ સાધન-ઓજારની જાતે જ ખરીદી કરી શકે, તે માટે ટૂલકીટના ઈ-વાઉચર આપવામાં આવશે. સાથે જ નવી યોજના અંતર્ગત લાભાર્થીઓને બેઝીક કૌશલ્ય તાલીમનો પણ વિકલ્પ આપવામાં આવશે. સુધારેલી યોજનાના અમલથી રાજય સરકારને વાર્ષિક રૂ. ૬૦ કરોડ જેટલી બચત થશે. રાજયના નાના કારીગરો માટે આ યોજના સાચા અર્થમાં લાભદાયી નીવડશે, તેવો મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**ટૂલકીટની ગુણવત્તા-વોરંટીના પ્રશ્નનો આવશે અંતઃ-**

આગાઉ માનવ કલ્યાણ યોજના અંતર્ગત ટૂલકીટની ખરીદી માટે રાજય સરકારને યોગ્ય ભાવ ન મળવાને કારણે ખરીદીમાં વિલંબ થતો હતો. સાથે જ ગુજરાતના આશરે ૨૦૦થી વધુ તાલુકા સુધી ટૂલકીટ પહોંચાડવાની હોવાથી વિતરણમાં વિલંબ થતા, ટૂલકીટની ગુણવત્તા અને વોરંટી સહિતના અનેક પ્રશ્નો ઉદભવતા હતા. પરિણામે લાભાર્થીઓમાં પણ અસંતોષ જોવા મળતો હતો. હવે નવી યોજના અંતર્ગત લાભાર્થી જાતે જ ટૂલકીટ ખરીદી શકે છે, જેથી લાભાર્થીઓને ઝડપથી ટૂલકીટ ઉપલબ્ધ થશે.

**રાજય સરકારને વાર્ષિક રૂ. ૬૦-૭૦ કરોડની થશે બચતઃ-**

લાભાર્થીઓ ઈ-વાઉચરના માધ્યમથી રાજય સરકાર દ્વારા ઓથોરાઈઝ કરેલા ડીલર પાસેથી ટૂલકીટ ખરીદી શકશે. ઓથોરાઈઝ ડીલર પાસેથી ટૂલકીટની ખરીદી થતા ગુણવત્તા અને વોરંટીના પ્રશ્નોમાં ઘટાડો આવશે. આટલું જ નહિ, નવી યોજનાના અમલથી ટૂલકીટનો સ્ટોરેજ, હેન્ડલિંગ અને વિતરણ જેવા અન્ય ખર્ચ ઘટતા રાજય સરકારને વાર્ષિક આશરે રૂ. ૬૦ થી ૭૦ કરોડ જેટલી માતબર રકમની બચત થશે. પરિણામે રાજય સરકાર વધુ લાભાર્થીઓને ટૂલકીટનો લાભ આપી શકશે.

**તાલીમ મેળવતા લાભાર્થીઓને મળશે દૈનિક રૂ.૫૦૦ સ્ટાઈપેંડઃ-**

માનવ કલ્યાણ યોજના ૨.૦ અંતર્ગત લાભાર્થીઓને બેઝીક કૌશલ્ય તાલીમનો પણ વિકલ્પ આપવામાં આવશે. તાલીમ મેળવવા ઈચ્છુક હોય તેવા લાભાર્થીઓને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન, RSETI સહિતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા પાંચ દિવસની કૌશલ્ય તાલીમ અપાશે. તાલીમ મેળવતા લાભાર્થીઓને હાજરીના આધારે દૈનિક રૂ. ૫૦૦નું સ્ટાઈપેંડ પણ આપવામાં આવશે. તાલીમના અંતે લાભાર્થીને ટૂલકીટનું ઈ-વાઉચર આપવામાં આવશે. જે લાભાર્થીઓ તાલીમ ન મેળવવા માંગતા હોય તેવા લાભાર્થીઓને સીધા ઈ-વાઉચર આપવામાં આવશે.

આ ઉપરાંત લાભાર્થીઓ માનવ કલ્યાણ યોજના ૨.૦ અંતર્ગત ભારત સરકાર અને રાજય સરકારની પીએમ સ્વનિધિ યોજના, વાજપાઈ બેન્કેબલ યોજના, દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના તથા અન્ય બેન્કેબલ યોજનાઓ હેઠળ ધિરાણ માટે અરજી પણ કરી શકશે.

**૧૦ વ્યવસાયના કારીગરોને મળશે પીએમ વિશ્વકર્મા યોજનાનો લાભઃ-** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગત વર્ષે દેશના નાના કારીગરો માટે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અમલમાં મૂકાઈ હતી, જેમાં ૧૮ વ્યવસાય સાથે જોડાયેલા કારીગરોને ટૂલકીટના ઈ-વાઉચર આપવામાં આવે છે. માનવ કલ્યાણ યોજનામાં સમાવિષ્ટ ૧૦ વ્યવસાયના કારીગરોને પીએમ વિશ્વકર્મા યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર હોવાથી લાભાર્થીઓને બે વાર સહાય ન મળે તે સુનિશ્ચિત કરવા દરજીકામ, કુંભારીકામ, લુહારીકામ, કડીયાકામ, મોચીકામ, સુથારીકામ, ધોબીકામ, સાવરણી-સુપડા બનાવનાર, માછલી વેચનાર-જાળી બનાવનાર અને વાણંદના વ્યવસાયને માનવ કલ્યાણ યોજના ૨.૦માંથી દૂર કરવામાં આવ્યા છે.

**કોણ લઈ શકશે આ યોજનાનો લાભ ?:-** તા. ૧ જુલાઈથી અમલમાં આવેલી માનવ કલ્યાણ યોજના ૨.૦નો સેન્ટ્રીંગ કામ, વાહન સર્વિસીંગ-રીપેરીંગ કામ, ભરતકામ, પ્લમ્બર, બ્યુટીપાર્લર, ઈલેકિટ્રક એપ્લાયન્સીસ રીપેરીંગ, દૂધ-દહીં વેચનાર, પાપડ બનાવનાર, અથાણા બનાવનાર અને પંચર કરનાર નાના કારીગરો લાભ લઈ શકશે. આ યોજનાનો લાભ મેળવવા માટે અરજદારની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષની હોવી અનિવાર્ય છે. તદુપરાંત કુટુંબ દીઠ એક જ કારીગર આ યોજનાનો લાભ મેળવી શકશે. જયારે કુટુંબની વાર્ષિક આવક પણ રૂ. ૬ લાખથી વધુ ન હોવી જોઈએ. રાજય સરકાર દ્વારા વિધવા, બીપીએલ કાર્ડ ધારકો અને ઓછી આવક ધરાવતા અરજદારોને અગ્રતા આપવામાં આવશે. આ ઉપરાંત કુટુંબમાં કોઈ સરકારી કર્મચારી ન હોય તેવા અરજદારોને જ આ યોજનામાં સામેલ કરવામાં આવશે.

**કેવી રીતે થશે લાભાર્થીની પસંદગી ?:-** આ યોજનાનો લાભ મેળવવા લાભાર્થીઓએ ઈ-કુટીર પોર્ટલ પર અરજી કરવાની રહેશે. રાજય સરકાર દ્વારા હાલ ઈ-કુટીર પોર્ટલ ખુલ્લુ મૂકાયું છે. અરજી કર્યા બાદ જે તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અરજીની ચકાસણી કરવામાં આવશે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મંજૂર થયેલી રાજયની તમામ અરજીઓનો ઓનલાઈન ડ્રો કરવામાં આવશે. ઓનલાઈન ડ્રોમાં પસંદગી પામેલા લાભાર્થીઓને માનવ કલ્યાણ યોજના ૨.૦ અંતર્ગત લાભ આપવામાં આવશે. જયારે બાકીની અરજીઓને આવતા વર્ષ માટે કેરીફોરવર્ડ કરવામાં આવશે. ઈ-વાઉચર પદ્ધતિથી ટૂલકીટ ખરીદી કર્યાબાદ ટૂલકીટનો દૂરૂપયોગ ન થાય તે સુનિશ્ચિત કરવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લાભાર્થીના ઘરે જઈને ઈન્સ્પેકશન પણ કરવામાં આવશે.

## રાજકોટ : કવિ લેખક મિતલ ખેતાણીનો આજે જન્મદિવસ



રાજકોટ, તા. ૭

સૌરાષ્ટ્રનાં જાહેર જીવનનાં અગ્રણી સ્વ. નરોતમભાઈ ખેતાણીનાં પુત્ર, ભારત સરકારનાં એનીમ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમિટીનાં સભ્ય, ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય, ભારતની પશુ સારવારનાં ક્ષેત્ર કોઈ એક શહેરમાં કાર્યરત હોય તેવી સૌથી મોટી સંસ્થા અને ભારત સરકારનો શ્રેષ્ઠ જીવદયા સંસ્થા એવોર્ડ વિજેતા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ/એનીમલ હેલ્પલાઈન, વેટરનરી હોસ્પિટલ, અબોલ જીવોનું અન્નક્ષેત્રનાં પ્રમુખ, તથા વૈશ્વિક સ્તરે જન, જંગલ, જમીન, જનાવર, જળની, સુખાકારી માટે કાર્યરત વૈશ્વિક સંસ્થા સમસ્ત મહાજનનાં સંગઠન મંત્રી, જીલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીનાં ટ્રસ્ટી, સમગ્ર વિશ્વનાં રઘુવંશીઓની માનસંસ્થાન લોહાણા મહાપરીષદનાં પૂર્વ જોઈન્ટ સેક્રટરી, વિવિધ ગૌશાળા ઓ, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સહિતની અનેક સૂંસ્થાઓમાં તન, મન, ધનથી સક્રિય એવા યુવા સમાજસેવી મિતલ ખેતાણીનો તા. ૦૮, ગુરૂવારનાં રોજ ૪૯ મો જન્મદિન છે.

બાલ્યાવસ્થાથી જ લોહીનાં સંસ્કારને લઈને સેવાક્ષેત્રને વરેલા મિતલ ખેતાણીને ભારત સરકાર, ગુજરાત સરકાર દ્વારા રકતદાન, ચક્ષુદાન, દેહદાન, અંગદાન, ગૌ સેવા, જીવદયા ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી બદલ સન્માન થઈ ચૂકયું છે. ભારત ભામાશા પૂ. દીપચંદભાઈ ગારડીનાં વરદ હસ્તે, તેમનાં જ નામ સાથે જોડાયેલાં સેવાક્ષેત્રનો પ્રતિષ્ઠિત ''ગારડી એવોર્ડ'' મિતલ ખેતાણીને મળી ચૂકયો છે. ચિત્રલેખા દ્વારા સને ૨૦૧૫માં 'યુવા પ્રતિભા' તરીકે વિશેષ લેખ પણ પ્રકાશીત થયેલ હતો. લેખક, કવિ એવા મિતલ ખેતાણી સારા વકતા પણ છે. આઠ વર્ષ પૂર્વે, દુષ્કાળ જેવી પરિસ્થિતીને લઈને ૭૦૦૦ જેટલા અબોલ જીવો, ગૌમાતા માટે કરાયેલાં ૯ જેટલા કેમ્પોનાં સંચાલનમાં નિમીત બનેલા મિતલ ખેતાણી જન્મદિનનાં મંગલ પ્રસંગે ખાસ કરીને બાળકો તરૂણો, યુવાનોમાં શાકાહારનો પ્રચાર પ્રસાર થાય, માંસાહારનો ત્યાગ થાય તેવાં ઉમદા હેતુથી ''વેજીટેરીયન સોસાયટી'' ને વધુ ધમધમતી કરાશે.

આઈ ટુ આઈ મીડીયા, એચ.ડી.એફ.સી., એરટેલ સહિતનાં કોર્પોરેટ સેકટરમાં સીનીયર મેનેજમેન્ટ ક્ષેત્રે ૧૫ વર્ષનો અનુભવ ધરાવતાં તેમજ અમેરીકા, યુરોપ, મીડલ ઈસ્ટ, નેપાળ, આફ્રિકા સહિતનાં દેશો - ખંડોમાં અનેક વિધ નેશનલ, ઈન્ટરનેશનલ ઈવેન્ટી/કાર્યક્રમોનું સફળ સંચાલન કરી ચૂકેલાં-સન્માનીત થયેલા ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જીનીયર મિતલ ખેતાણી વ્યવસાયે ''શાલીભદ્ર ડ્રીમ્સ'' રેસીડેન્સીયલ પ્લોટીંગના લેન્ડ ડેવલોપર્સ છે. સમગ્ર વિશ્વની ૩૦ લાખથી વધુ લોહાણાઓનું પ્રતિનિધીત્વ કરતી રઘુવંશીઓની માતૃસંસ્થા લોહાણા મહાપરિષદ દ્વારા પણ 'વૈશ્વિક રઘુવંશી પ્રતિભા' અને 'શ્રેષ્ઠ રઘુવંશી ગૌસેવક' તરીકેનો ઈન્ટરનેશનલ, અતિ પ્રતિષ્ઠિત એવોર્ડ વૈશ્વિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં, બે વાર મિલત ખેતાણીને અપાઈ ચૂકયો છે. દિલ્હીનાં ગાંધી સ્મૃતિ મંદિર ખાતે 'જીવદયા રત્ન' એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. મિતલ ખેતાણી મિત્રોના સથવારે ઓટીટી પ્લેટફોર્મ પર નિયમન માટે અવારનવાર વિવિધ રજૂઆત રૂબરૂ કરવામાં આવી છે. આ અંગે દેશનાં રાષ્ટ્રપતિને પણ રજૂઆત કરાઈ હતી. પ્રધાનમંત્રી કાર્યાલયમાં પણ ફરિયાદ કરાયેલ અને રાઈટ ટુ ઈન્ફોર્મેશન અંતર્ગત પણ અનેક રજુઆતો કરાયેલ હતી. લગભગ ૧૫૦ થી વધારે સાંસદોને દિલ્લી રૂબરૂ જઈને, મળીને અન્ય જાગૃત ટીમ સાથે પણ સંકલન કરી આ અભિયાનને અગ્રેસર કરવા માટે પ્રયત્ન થયેલ હતો. ગુજરાત સરકાર દ્વારા આ વિશિષ્ઠ કામગીરી બદલ મીતલ ખેતાણીનું 'સાંસ્કૃતિક યોદ્ધા' તરીકે સન્માન પ્રાપ્ત થયો છે.

માનવ ધર્મનાં મહાન પ્રણેતા સદગુરૂ દેવ રણછોડદાસજી મહારાજમાં મિતલ ખેતાણી અનન્યા શ્રધ્ધા ધરાવે છે. રાષ્ટ્રસંત પ.પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબ, પ.પૂ. પરમાત્માનંદ સરસ્વતીજી, પ.પૂ. રત્નસુંદર મહારાજ પ.પૂ. યશોવિજજી મહારાજ, ગુજરાતનાં જીવદયા પ્રેમી ભુપેન્દ્રભાઈ પટેલ, સાંસદ પુરૂષોતમ રૂપાલા, મનસુખભાઈ માંડવીયા, ગુજરાતના જીવદયાપ્રેમી પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ રામભાઈ મોકરીયા, રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વચેરમેન ડો. વલ્લ્ભાઈ કથીરિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સમસ્ત મહાજનનાં ગીરીશભાઈ શાહ સહિતનાં પારિવારીક વડીલોએ મિતલ ખેતાણીને જન્મદિન નિમિતે શુભેચ્છા આશીર્વાદ આપ્યા છે. તા. ૮ મી ઓગષ્ટનાં જન્મદિવસની સેવામય ઉજવણી કરવા આ દિવસે અનેક સેવાકીય પ્રકલ્પો થઈ રહ્યા છે. ગૌશાળામાં ઘાસ વિતરણ, કબૂતરો માટે વિવિધ ચબૂતરાઓમાં ચણ, કિડીયારૂ, માછલીઓને લોટની ગોળી સહિતની સેવાકીય પ્રવૃતિઓ દ્વારા જન્મદિવસની ઉજવણી થઈ રહી છે. સમાજમાં 'મીડિયા ક્ષેત્રે વૈશ્વિક ક્ષેત્રે હકારાત્મકતા પ્રદાન કરવા', ડીઝીટલ ટેકનોલોજીનો જ મહત્તમ સદુપયોગ થાય તેવા પવિત્ર અને ઉમદા આશયથી ''ઓમ ઓન્લી ન્યુઝ'' મીડિયાનો શુભારંભ થઈ ચુકયો છે. જીવનસંગીની ડીમ્પલ, સુપુત્રો માનસ અને ધર્મ તેમજ પરીવારજનોની ઉપસ્થિતીમાં અને ગં.સ્વ. માતુશ્રી હરદેવીબેન નરોતમભાઈ ખેતાણીનાં આશીર્વાદ સાથે જીવનનાં આગામી વર્ષોમાં જીવદયા-ગૌ સેવા, માનવતા દર્દી નારાયણ તેમજ દરીદ નારાયણનાં લાભાર્થ મહત્વનું પ્રદાન કરવાનાં સ્વપ્નને સાર્થક કરવાનું ધ્યેય ધરાવતાં મિલત ખેતાણીને આશીર્વાદ આપવા મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯.

### સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) હેઠળ

## અમરેલી : તાલુકા કક્ષાના કર્મચારીઓની દ્વિદિવસીય તાલીમ યોજાઈ ગઈ





અમરેલી, તા.૭

જિલ્લા વિકાસ એજન્સી, અમરેલી હસ્તકની સ્વચ્છ ભારત મીશન (ગ્રામિણ) યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ ઘન અને પ્રવાહી કચરાના યોગ્ય, સુચારૂ અને કાયમી નિકાલ કરવા માટેનું યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી રાજગ ગ્રામ્ય વિકાસ સંસ્થાન અમદાવાદ દ્વારા તાલુકા કક્ષાના બ્લોક કો-ઓર્ડીનેટર, કલસ્ટર કો-ઓર્ડિનેટર અને સીવીલ એન્જીનીયરશ્રીઓની બે દિવસીય નિવાસી તાલીમનું તા.૫ અને ૬ ઓગષ્ટ-૨૦૨૪ના રોજ આયોજન કરવામાં આવેલ જેમાં એસ.આઈ.આર.ડી. ના માસ્ટર ટ્રેનર હજાભાઈ કાળોતરા અને સુ.શ્રી મીનાક્ષીબેન મહેતા દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં તથા એન.આઈ.આર.ડી. સ્ટેટ કન્સલ્ટન્ટ હરેશકુમાર ખડોદરા દ્વારા તાલીમનું મોનીટરીંગ હાથ ધરવામાં આવેલ તેમજ કે.જે.જોડેજા, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમરેલીના માર્ગદર્શન તળે જિલ્લા કો-ઓરડિનેટર, પી.આર.વાઢેર તેમજ એસબીએમ-જીની સમગ્રટીમ દ્વારા તાલીમનું સમગ્ર સંચાલન હાથ ધરી તાલીમ સફળ બનાવવા પ્રયત્ન કરેલ. સદરહું તાલીમમાં ગ્રામ્ય કક્ષાએ લોકો વ્યકિતગત અને સામૂહિક રીતે સ્વચ્છતા સાથે સ્વસ્થતાના આગ્રહી બને અને વ્યવહારૂ જીવનમાં કાયમી ધોરણે ધન અને પ્રવાહી કચરાનો યોગ્ય અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટે સ્વૈચ્છિક રીતે કટીબબધ્ધ બની ગાયને સાચા અર્થમાં મોડલ ગામ બનાવવામાં સહયોગ આપે તે માટે યોજનાકીય વિવિધ ઘટકો અને પ્રચાર-પ્રસારની નવીનતમ પ્રવૃતિઓથી માહિતગાર કરેલ.

National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of india

રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર - મુંબઈના આર્થિક સહયોગથી

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

તથા

શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત

સુદર્શન નેત્રાલય - અમરેલી

ના સંયુકત ઉપક્રમે

વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

: તારીખ : ૦૮-૦૮-૨૦૨૪ ગુરૂવાર

: સ્થળ : લાયન્સ હોલ પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.

: સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦

:: વધુ માહિતી માટે :: નિલેશભાઈ ભીલ મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬

:: પ્રોજેકટ ચેરમેન :: લા. વિનોદભાઈ આદ્રોજા | લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦૫૨૫૮૧

લા. સાહસ ઉપાધ્યાય ખજાનચી | લા. મનોજભાઈ કાનાણી પ્રમુખ | લા. ભદ્રેશસિંહ પરમાર સેક્રેટરી

નોંધ : બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે

નોંધ : દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) પરિવાર

# સાવરકુંડલામાં સરકારી નોકરી મેળવવા માટે યુવાનોનો પરિશ્રમ



સાવરકુંડલાના યુવાનો વન અને પોલીસ વિભાગની નોકરી માટે અન્યંત જરૂરી તેવી શારીરિક પરિક્ષાની તૈયારી માટે ભારે મહેનત કરતા જોવા મળી રહયા છે. હનીફભાઈ શેખ મુસ્તાકભાઈ જાદવ દ્વારા જરૂરી તાલીમ આપવામાં આવી રહી છે. સાવરકુંડલામાં પોલીસ પી.એસ.આઈ. અને ફોરેસ્ટરની તૈયારી કરતા યુવાનો અને યુવતીઓ માટે ફિઝિકલની સંપુર્ણ તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. સાવરકુંડલા કે.કે.હાઈસ્કુલના વિશાળ ગ્રાઉન્ડમાં પી.એસ.આઈ.અને ફોરેસ્ટર વિગેરે સરકારી નોકરીઓમાં પાસ થવા માટેની ફિઝિકલીની સંપુર્ણ તૈયારી શરૂ કરી દેવામાં આ સંપુર્ણ તાલીમની તૈયારીઓ કરાવનાર હનીફભાઈ શેખ ફીઝીકલ ટ્રેનીંગ ઈન્સ્ટ્રે કટર (બી.એસ.એફ.) એકસ એસ.આર.પી.અને શિક્ષક મુસ્તાકભાઈ જાદવ ઈમરાનભાઈ જાદવ કોબ્રા કમાન્ડો સી.આર.પી.એફ.દ્વારા ટ્રેનીંગ આપવામાં આવે છે. આ ટ્રેનીંગમાં યુવાનો અને યુવતીઓ દરરોજ ને માટે ગ્રાઉન્ડ ટ્રેનીંગ લેવા આવી રહયા છે. આ ટ્રેનીંગ આપવાનો કોય ફી લેવામાં આવતી નથી.




શાકમાર્કેટ, તાલુકા શાળા નજીક અવારનવાર ટ્રાફિક જામ

# બગસરામાં ટીઆરબી જવાનો ટ્રાફિક સમસ્યા નિવારવાને બદલે મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે

**શહેરીજનો સરાજાહેર ટીઆરબી જવાનની નિષ્ક્રીયતા નિહાળે છે**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૭

છેલ્લા ઘણા સમયથી બગસરાની શાક માર્કેટ તેમજ તાલુકા શાળા પાસે ટ્રાફિકથી ચક્કાજામ થઈ જાય છે. પરંતુ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી.

જયારે તંત્ર દ્વારા અહીંયા મૂકેલા ટીઆરબી જવાનો ફકત ને ફકત પોતાના મોબાઈલ ફોનમાં ઘૂસેલા જોવા મળતા હોય છે. જયારે આ જવાનો ફકત એક જગ્યા ઉપર બેસીને ફકત પોતાના મોબાઈલ ફોનનો જ ઉપયોગ કરતા જોવા મળી રહે છે. પરંતુ જો પોલીસ દ્વારા આવા ટ્રાફિક રહેતા રસ્તા ઉપર ચુસ્ત રીતે કોઈ કાર્યવાહી કરવામાં આવે અને આવા ફકત એક જ જગ્યા પર બેસીને પોતાનાં મોબાઈલ ફોનમાં ઘૂસેલા રહેતા જવાનોને બેસવાનો પગાર આપવાને બદલે કોઈ સારા એવા કર્મચારીને મૂકવામાં આવે જે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક કરતા હોઈ તેને

અનુસંધાન પાના ૬ ઉપર

યાર્ડનાં ચેરમેન શૈલેષ સંઘાણી, ડાયરેકટર પી.પી. સોજીત્રાનો મહત્વનો નિર્ણય

# ભૈ વાહ : અમરેલી માર્કેટયાર્ડનાં વેપારીઓ અને ખેડૂતોનાં હિતમાં ૪૦ વિઘા નવી જમીન ખરીદાઈ

**નવી ખરીદાયેલ જમીનમાં ૨ લાખ ચો.ફૂટનો શેડ બનાવાશે**

અમરેલી, તા. ૭

તા. ૧૭/૯/૨૦૧૭નાં રોજ સાવરકુંલા રોડ પર ખુબ જ અદ્યતન માર્કેટનું નિર્માણ કરવામાં આવેલ હતું જેનાં માત્ર ૭(સાત) વર્ષમાં જ માર્કેટયાર્ડને ખુબ જ સારી એવી સફળતા મળેલ છે તેમજ હાલ અમરેલી, જુનાગઢ, ભાવનગર આમ ૩(ત્રણ) જીલ્લાની જણસો અમરેલી માર્કેટયાર્ડમાં વેંચાણ અર્થે આવતી હોય અને સિઝનમાં ૫૦૦ થી પણ વધારે વાહનો માર્કેડયાર્ડમાં જણસો લઈને આવે છે તેમજ ગત વર્ષથી માર્કેટયાર્ડ દ્વારા સુકા લાલ મરચાની પણ હરરાજીની શરૂઆત કરેલ. જેમાં ગોંડલ, રાજકોટ તેમજ જામનગર જીલ્લામાંથી ખેડૂતો વેંચાણ માટે આવતાં હોય. આ તમામ બાબતોને ધ્યાને લેતાં ચાલુ વર્ષે જ રૂ.૧૨ કરોડનાં ખર્ચે ૨ લાખ ચો.ફુટનો શેડ બનાવવાનું નકકી કરેલ છે તેમજ વેપારીઓ તેમજ ખેડૂતોના વિશાળ હિતને ધ્યાને લેતાં અને ભવિષ્યમાં પણ અગવડતા ન પડે જેથી અમરેલી અદ્યતન





માર્કેટયાર્ડનાં દિર્ઘદષ્ટા પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રા તેમજ હાલના ચેરમેન શૈલેષ સંઘાણી તેમજ તમામ બોર્ડ ઓફ ડીરેકટર્સઓ દ્વારા ચર્ચા–વિચારણાં નાં અંતે માર્કેટયાર્ડની ભળતી ભેણીની ૪૦ વિઘા જમીન પ્રતિ વિઘા રૂા. ૨૦,૧૧,૦૦૦/– (અંકે રૂપીયા વીસ લાખ અગિયાર હજાર) ના ભાવથી ખેડૂતોના વિશાળ હિતને ધ્યાને લઈને

અનુસંધાન પાના ૬ ઉપર

# શ્રાવણનાં ત્રીજા દિવસે શ્રી સોમનાથ મહાદેવને ભસ્મ શૃંગાર



શ્રાવણનાં ત્રીજા દિવસે શુકલ ત્રીજની નિતિ પર સોમનાથ મહાદેવને વિશેષ ભસ્મ દર્શન શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવને ભસ્મ દર્શન શ્રૃંગાર એક પ્રાચીન પૂજાવિધિ છે. આ દરમિયાન શ્રી સોમનાથ મહાદેવના જયોતિર્લિંગને યજ્ઞભસ્મથી શણગારવામાં આવે છે. શાસ્ત્રોમાં ભસ્મને વૈરાગ્ય અને નિર્મોહનું પ્રતિક કહેવામાં આવેલ છે. માનવામાં આવે છે કે આ ભસ્મથી લેપ કરેલ શિવલિંગનાં દર્શનથી મનુષ્ય મોહમાયાના દંભભમાંથી મુકત થઈ શિવત્વની અનુભૂતિ કરે છે.

દવા છંટકાવ, સ્વચ્છતા સહિતનાં કાર્યક્રમોનો અભાવ

# બગસરામાં આરોગ્ય વિભાગની નિષ્ક્રીયતાનાં કારણે ઘરે–ઘરે રોગચાળાનો માહોલ ઉભો થયો

**ચોમાસાનાં દિવસોમાં સૂર્યપ્રકાશનાં અભાવે પરેશાની વધી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૭

બગસરામાં પાણીજન્ય રોગથી ઘરે ઘરે દર્દીઓના ખાટલા જોવા મળ્યા છે. આરોગ્યતંત્રની ઘોર બેદરકારી જોવા મળી છે. ઠેક ઠેકાણે મચ્છરોનો ઉપદ્રવ જોવા મળ્યો છે. સરકારી હોસ્પિટલમાં પાણીજન્ય રોગોના વધુ પડતા કેસ જોવા મળ્યા છે જેમાં તાવ, શરદી, ઉધરસ, ઝાડા, ઉલટી, પેટમાં દુઃખાવો, કમળાની અસર સિવિલ હોસ્પિટલમાં વધુ દર્દીઓમાં જોવા મળ્યા. બગસરામાં આરોગ્યતંત્રની નબળી કામગીરી જોવા મળી. આતો શહેર ઉપરાંત ગામડાઓમાં તથા પ્રાઈવેટ હોસ્પિટલમાં પાણીજન્ય રોગથી દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળે છે. આરોગચાળો વધુ ફાટી નીકળે તે પહેલા આરોગ્યતંત્રએ ખડે પગે રહેવું જરૂરી છે. હાલ આરોગ્યતંત્રની નબળી કામગીરી છત્તી થઈ હોય તેમ લાગી રહ્યું છે.

સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા


# સાવરકુંડલાના વીરડી ગામે તરૂણીની પજવણી કરનાર ૨ આરોપીને ૨ વર્ષની સજા

**સરકારી એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ**

અમરેલી, તા.૭

સાવરકુંડલા તાલુકાના વીરડી ગામે રહેતી એક તરૂણીની પજવણી કરવાનાં બનાવ અંગેનો કેસ



સાવરકુંડલા સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલને ધ્યાને લઈ બે આરોપીને ૨ વર્ષની અને રૂપિયા ૧૦ હજારનાં દંડની સજાનો કોર્ટે હુકમ કર્યો હતો.

આ બનાવ અંગે સાવરકુંડલા તાલુકાના વીરડી ગામે રહેતી એક ૧૫ વર્ષની તરૂણી ગત તા.

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)